
● સળંગ અંક ૫૩૪ ● જૂન : ૨૦૧૮ ● વર્ષ : ૪૫ ● અંક : ૬

# JAISHUKLESHWER

# જય શુક્લેશ્વર



## અનાવિલ સર્જકો ૧૪

શ્રી શુક્લેશ્વર મહાદેવ મંડળ પ્રકાશન - અનાવલ



॥ શ્રી ૧ ॥
મિરલ દેસાઈ
જય
જલારામ
પ્રિન્ટર્સ
અનાવિલ સમાજ માટે કંકોત્રી માટે
સ્પેશીયલ ડિસ્કાઉન્ટ
આપવામાં આવશે.
ઈન્વીટેશન કાર્ડ
બીઝનેશ કાર્ડ
ચલણ બુક
સ્કુલ સ્ટેશનરી
કવર
કેલેન્ડર
લેટર પેડ
ધાર્મિક પુષ્તકો
અહેવાલ હિસાબ
બીલબુક
હેન્ડબીલ
મોટેલ સ્ટેશનરી
લેટેસ્ટ આકર્ષક વ્યાજબીભાવે કંકોત્રી
કડોદરા, તા. પલસાણા, જી. સુરત. ફોન. ૦૨૬૨૨ ૨૭૧૧૮૦
મો. ૯૮૨૫૨ ૮૦૩૭૯, E-mail : jaijalaramprinters@yahoo.com

**શ્રી શુકલેશ્વર મહાદેવ મંડળ**
**અનાવલ પ્રકાશન**

**જય શુક્લેશ્વર**

**● કાર્યાલય ●**

**શુકલેશ્વરધામ, અનાવલ**
તા. મહુવા, જિ. સુરત - ૩૯૬ ૫૧૦.
ફોન : (૦૨૬૨૫) ૨૫૨૨૪૦, ૨૫૨૧૨૮
મો. ૯૪૨૬૨ ૧૫૨૪૦, પૂજા માટે : ૨૫૨૫૭૧
ભોજન માટે : ૭૯૮૪૪ ૭૨૬૩૪, ૯૭૨૬૦ ૬૩૦૧૦



**● સંપાદક ●**

**પ્રિ. ડૉ. ઈશ્વરચંદ્ર મ. દેસાઈ**
એ/૭-૮, ગૌતમ એપાર્ટમેન્ટ,
મોરારજી દેસાઈ માર્ગ, બીલીમોરા-૩૯૬ ૩૨૧
ફોન : (૦૨૬૩૪) ૨૮૪૦૬૮/૨૮૯૮૦૫
E-mail : imdesaibim@gmail.com

**● સંકલન કર્તા ●**

ડૉ. પ્રફુલભાઈ દેસાઈ
સુરત
મો. ૯૮૭૯૪ ૧૬૯૦૨

**● સહ સંપાદક ●**

શ્રી દિલીપભાઈ દેસાઈ, વડોદરા. ફોન : (૦૨૬૫) ૨૪૮૬૬૬૫
પ્રા. શ્રી જશુભાઈ નાયક, નવસારી. ફોન : (૦૨૬૩૭) ૨૫૯૨૮૫



**● પ્રમુખ ●**

**શ્રી સુમંતરાય મો. નાયક**
પોંસરા.
મો. ૯૮૨૫૧ ૮૩૧૭૭

**● મંત્રી ●**

**શ્રી જીતેન્દ્રભાઈ ધી. મહેતા**
પીપલધરા.
મો. ૯૯૨૪૫ ૪૪૮૫૬


**"જય શુકલેશ્વર" લવાજમ શુભેચ્છા રકમ**

દેશમાં ૪,૦૦૦/- રૂા., નિભાવ રૂા. ૧,૦૦૦/-

- "જય શુકલેશ્વર"માં પ્રકાશિત લેખો, સમાચારો તેમજ જાહેરાતો માટેની જવાબદારી જે તે છપાવનાર સંબંધકર્તાની રહેશે. પ્રકાશક, સંપાદક કે શુ. મ. મંડળએ માટે જવાબદાર ગણાશે નહીં.

**અંકમાં શરત ચૂકથી છાપકામમાં થયેલ ભૂલને આગામી અંકમાં ભૂલ સુધાર તરીકે છાપવામાં આવશે.**

- દર માસની ૯ તારીખે અંક પ્રસિધ્ધ થાય છે.
- ૭ તારીખ સુધીમાં અનાવલ ઓફિસે મળેલ લેખો, સમાચારો, જાહેરાતોને આગામી અંકોમાં અવકાશે સ્થાન આપવામાં આવશે.
- અંકમાં છપાયેલ સામગ્રી બીજે છાપવા માટે શુ.મ.મંડળની પરવાનગી અનિવાર્ય.

**'જય શુકલેશ્વર'માં જાહેરાતની શુભેચ્છા રકમ જૂન-૨૦૧૮ થી સૂચિપત્ર**

| પેઈજ | વાર્ષિક | માસિક |
|---|---|---|
| કવર પેઈજ - ૪ | ૬૦,૦૦૦ થી વધુ | --- |
| કવર પેઈજ - ૩ | ૫૦,૦૦૦ થી વધુ | --- |
| કવર પેઈજ - ૨ | ૫૦,૦૦૦ થી વધુ | --- |
| અંદરનું પાનું આખું | ૨૮,૦૦૦ | ૩,૦૦૦ |
| અંદરનું પાનું અડધું | ૨૦,૦૦૦ | ૨,૦૦૦ |
| અંદરનું પાનું અડધું (ફકત લગ્ન વિષયક) | | ૧,૫૦૦ |

**● શ્રી શુકલેશ્વર મહાદેવ મંડળ ટ્રસ્ટનાં દાનો માટે ખાસ નોંધ ●**

શ્રી શુકલેશ્વર મહાદેવ મંદિર ધામના વિકાસ તેમજ આપણા ઈષ્ટદેવની નિશ્રામાં ચાલતાં વિવિધ સામાજીક કાર્યો માટે દાનો સ્વીકારવામાં આવે છે. આ દાનો અંગેની જાણકારી ટ્રસ્ટી પદાધિકારીઓનો સંપર્ક સાધી મેળવી શકાય છે. વિવિધ દાનો 'શ્રી શુકલેશ્વર મહાદેવ મંડળ'ના નામ ના ક્રોસ ઑર્ડર એકાઉન્ટપેયી ડી.ડી./ચેકથી મોકલાવી શકાય છે.

**"જય શુકલેશ્વર"માં જાહેરાત કે લવાજમ શુભેચ્છા રકમ "શ્રી શુકલેશ્વર મહાદેવ મંડળ"ના નામના ડિમાન્ડ ડ્રાફ્ટ/ચેક દ્વારા અનાવલ શુકલેશ્વર ધામ મોકલાવી શકાય છે.**

## અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| ૧. | સંપાદકીય | - ઈશ્વરચંદ્ર | ૪ |
| ૨. | અનાવિલ કોણ ? | - અનુપ દેસાઈ | ૫ |
| ૩. | કીર્તિદેવ ડાહ્યુભાઈ દેસાઈ | | ૮ |
| ૪. | વિલોપન દેસાઈ | - જનક નાયક | ૯ |
| ૫. | વિલોપન દેસાઈનું એકાંકી | | ૧૨ |
| ૬. | કલ્પના દેસાઈ | | ૨૪ |
| ૭. | કલ્પના દેસાઈના પુસ્તક 'પંદરમું રતન' માંથી હાસ્યલેખો | | ૨૫ |
| ૮. | તમને મળીને આનંદ થયો | | ૨૬ |
| ૯. | અમિત દેસાઈ | | ૨૮ |
| ૧૦. | અનાવિલ ગામની અસલ વાતો | - મનુભાઈ દેસાઈ | ૨૯ |
| ૧૧. | મારી ધારણા મુજબ અનાવિલ સમાજ | - મહાદેવ દેસાઈ | ૩૪ |
| ૧૨. | અનાવિલ એટલે... અનલીમીટેડ વીલપાવર | - પ્રો. અતુલ કે. દેસાઈ | ૩૫ |
| ૧૩. | સુરેશ દેસાઈ | | ૩૭ |
| ૧૪. | અનાવિલ જ્ઞાતિ | | ૩૮ |
| ૧૫. | પ્રકરણ-૩૫ | | ૪૦ |
| ૧૬. | આપણી ભાષા ને આપણી બોલી | - સંકલિત | ૪૨ |
| ૧૭. | અનાવિલોની ભાઠેલી ભાસા | - ઈશ્વરચંદ્ર | ૪૩ |
| ૧૮. | લાટ પ્રદેશની વાર્તા : અનાવિલ બોલી | | ૪૫ |
| ૧૯. | સમાચાર | - કાર્યાલય, અનાવલ | ૫૨ |
| ૨૦. | સંસ્થા સમાચાર | - કાર્યાલય, અનાવલ | ૫૮ |



વેબસાઈટ : www.anaval-jayshukleshwar.org
ઈમેઈલ : jaishukleshwar@hotmail.com,
jayshukleshwar@gmail.com
કાર્યાલય મો. નંબર : ૦૯૪૨૬૨ ૧૫૨૪૦, ફોન. : ૦૨૬૨૫-૨૯૦૦૫૫
**સમય : સવારે ૮ થી ૧૨, સાંજે ૨ થી ૬**



# સંપાદકીય

## જીવન શું છે ?

■ ઈશ્વરચંદ્ર દેસાઈ

What is the Life ?
If full of care
we have no time
To stand and Stare

વર્ષોથી આ પંક્તિઓ ગોખતા રહ્યા પરંતુ જીવનની વસંત (યુવાની)માં એ અર્થસભર બની. - એનો સાચો અર્થ સ્પષ્ટ થયો. વિજ્ઞાન યુગે અને હવે મોબાઈલ યુગે તો માણસને એ હાંફી જાય એટલી ઝડપે દોડતો કરી દીધો છે.એવા યુગમાં પ્રશ્ન થાય છે કે શું જીવન એક પાઠશાળા છે કે પછી જીવન એક ખેલ છે ! શું જીવન એક સંગ્રામ છે કે પછી જીવન એક માર્ગ છે ! શું જીવન એક યજ્ઞ છે કે પછી જીવન એક સાગર છે !

આવા વિવિધ પ્રશ્નો જીવનની વિવિધતા સૂચવે છે. કોઈ બે જીવન એક સરખાં હોઈ શકે ? માણસના ઘડતરમાં કેવી ગજબની વિવિધતા સમાયેલી છે !

જીવનને પાઠશાળા કહેનારનું કથન છે કે માણસ જન્મે ત્યારથી એ સતત શીખતો જ રહે છે. ચાલતા, બોલતાં, ખાતા-પીતાં કુદરત પણ એને બોધપાઠ આપે છે. સૂર્ય કર્મરત કહેતાં શીખવે છે તો ચંદ્ર શાંતિ અને શીતળતા શીખવે છે. પહાડ, સ્થિરતા શીખવે છે તો નદી ગતિમય રહેવાનો બોધ આપે છે. પ્રકૃતિ વસંત ને પાનખરનો બોધ આપતી રહે છે.

જીવનને ખેલ માનનાર હાથમાં આવેલી બાજીની વાત કરે છે. કોઈકના પાસા પોબાર તો કોઈએ બાજી હારવાની આવે.

જીવન નાટકમાં કોઈક હીરો બની જાય તો કોઈ વિલન. જેને ભાગે જે પાત્ર આવે તે ભજવવામાં ખેલ પૂરો !

કોઈનું જીવન સંઘર્ષ વિનાનું ભાગ્યે જ જોવા મળે. આથી જીવનને સંગ્રામ કહેનારની વાતમાં પણ તથ્ય જણાય છે.

ખાસ તો જેણે જીવનમાં આગળ વધવું છે, કંઈક કરી બતાવવાની તેમ છે તેણે તો સતત ઝૂઝવું જ રહ્યું. 'ડગલું ભર્યું કે ના હઠવું' ની મકકમતાથી ઝઝુમવું જ રહ્યું.

જીવનને માર્ગ રૂપે જોનારે ખાડા, ટેકરા, ફૂલ, કાંટાની તૈયારી તો રાખવી જ રહી. ચાલતાં, દોડાતાં પડવાની તૈયારી તો રાખવી જ રહી. પડીને ઊભા થવાની ખામશી પણ રાખવી અનિવાર્ય !

જીવન યજ્ઞ માં જવાળા તો પ્રગટવાની કયારેક નાની તો કયારેક ભડકા પણ થાય. જીવનમાં સદા ફુલમાળ થોડી જ મળ્યા કરવાની છે !

જીવનજો સાગર છે તો એમાં માત્ર ખારાશ જ નહિ વમળ જ નહિ તોફાનો પણ આવ્યા વિના થોડાં જ રહે ? કયારે કયાંથી આંધી આવે, કંઈ કહેવાય નહિ !

તો પછી શું જીવન આ સઘળાનું સમુચ્ચય નથી ?

**અને હવે આપણી વાત :**

આપણી અનાવિલોની એક આગવી બોલી છે. એનો અભ્યાસ તેમજ નમૂનો આ અંકમાં આપ્યો છે.

હવે તમારો જીવનનો યાદગાર પ્રસંગ આપણી બોલીમાં એક, બે, ત્રણ પેજ ભરાય એવડો સંપાદકોને બિલીમોરા મોકલવા વિનંતી છે. તમારી યાદને દસ હજાર ઘરોમાં પહોંચાડવાનો લ્હાવો ચૂકશો નહિં. ■

# અનાવિલ કોણ ?

– અનુપ દીપકભાઈ દેસાઈ,
કેનેડા (હનુમાન ભાગડા)

અનાવિલ કોણ એ વિશે બાળપણથી અત્યાર સુધીમાં ઘણી વાયકાઓ સાંભળી હશે. મને એક દિવસ કુતૂહલતાથી પ્રશ્ન થયો અને ચાલુ થઈ મારી સફર આપણા મૂળ શોધવાની.

અનાવિલ દક્ષિણ ગુજરાતની એક આગળ પડતી કોમ છે અને ડાયનેમિક, ભણેલી ગણેલી અને વ્યવહારમાં (Administration) માં કુશળ જાત છે. આ બધા ગુણો આદિવાસીઓમાંથી અનાવિલો કન્વર્ટ થયા હોય તો કોઈ દિવસ આવી શકે નહિ.

અનાવિલો ભૂમિહાર બ્રાહ્મણો છે. ભૂમિહાર બ્રાહ્મણો અયાચક, બ્રાહ્મણોની એક જાત છે અને મુખયત્વે પશ્ચિમ બિહારમાં વસે છે. અયાચક બ્રાહ્મણો ભારતમાં ઘણી જગ્યાએ વસે છે. પશ્ચિમ બિહાર અને પૂર્વ ઊત્તરપ્રદેશમાં ભૂમિહાર બ્રાહ્મણો, પશ્ચિમ ઉત્તરપ્રદેશમાં ત્યાગી બ્રાહ્મણ, રાજસ્થાનમાં ગૌડ બ્રાહ્મણ, પંજાબમાં મોત્થલ બ્રાહ્મણ, મહારાષ્ટ્રમાં ચીતપાવન બ્રાહ્મણ, આંધપ્રદેશ અને તેલંગાણામાં નિયોગી બ્રાહ્મણ, કર્ણાટકમાં હાવ્યક બ્રાહ્મણ, તમિલનાડુમાં ઐયર બ્રાહ્મણ, કેરળમાં નામ્બુદ્ધિ બ્રાહ્મણો અને બંગાળ ઓરિસ્સામા અને ત્રિપુરાની અમુક બ્રાહ્મણ જાતિઓ અયાચક બ્રાહ્મણો છે.

આ જાતિઓએ ભગવાન પરશુરામના સમયમાં બ્રાહ્મણ તરીકેના કર્મકાંડ છોડીને શસ્ત્રો ધારણ કર્યા હતાં. કાળક્રમે એમાં થોડો ફેરફાર આવ્યો અને આ જાતિઓ મુખયત્વે ખેતી કરતી થઈ. આ કારણથી જ તેઓ ભૂમિહાર એટલે કે ભૂમિનું રક્ષણ કરનારા તરીકે ઓળખાયા.

દરેક બ્રાહ્મણોને એક ગોત્ર હોય છે આ એક સનાતન કાળથી ચાલી આવતી પ્રથા છે. આપણા અનાવિલ બ્રાહ્મણોના ગૌત્ર એ પશ્ચિમ બિહાર અને પૂર્વ ઉત્તરપ્રદેશમાં મળી આવતા ભૂમિહાર બ્રાહ્મણોના ગૌત્ર સાથે મળતા આવે છે. આ એક કાલ્પનિક સંજોગ ન હોઈ શકે. થોડું વધારે સંશોધન કરતાં અને Aryan migration theory ને ચકાસતાં આપણને એ જણાશે કે પ્રાચીન સમયમાં યુપી, બિહાર તરફથી ગુજરાત અને દક્ષિણ તરફ migration થયું છે.

બીજી એક સામ્યતા એ છે કે આપણા અનાવિલોમાં ગર્ભધારણ કરવાના સમયથી મૃત્યુ સુધી કુલ ૧૬ સંસ્કારો પાળવામાં આવે છે. જે દરેક ભૂમિહારની જાતિઓમાં પાળવામાં આવે છે.

દરેક બ્રાહ્મણોને પોતાનાં કર્મ અને કાર્ય અનુસાર પ્રવર હોય છે. જે અત્યારે આધુનિક સમાજની અટક બને છે. દા.ત. દેસાઈ, નાયક, મહેતા, વશી વગેરે. વળી દરેક બ્રાહ્મણ ચાર વેદોમાંથી એક અનુસરતો હોય છે, અનાવિલ બ્રાહ્મણો મુખયત્વે યજુર્વેદની શાખાને અનુસરે છે એટલે કે અનાવિલ બ્રાહ્મણોને યજુર્વેદી બ્રાહ્મણો કહી શકાય.

આ બધી વાતો જયારે તમે બીજા બ્રાહ્મણો સાથે કરશો ત્યારે વધારે ને વધારે ખબર પડશે. of

સદ્‌ગત માતૃશ્રી અંબાબેન તથા પિતાશ્રી નાથુભાઈ ભીમભાઈ નાયકના સ્મરણાર્થે
સ્મૃતિ સૌજન્ય : સુપુત્ર શ્રી મગનલાલ નાથુભાઈ નાયક-વાસણ, તા. ગણદેવી.

course એ type ની વાત માટે અમુક minimum knowledge જરૂરી છે.

આ બધી બાબતોનો બારીકાઈથી અભ્યાસ કરતાં જણાશે કે અનાવિલો આદિવાસીઓમાંથી convert થયા છે એ વાત ખોટી છે. વળી, આદિવાસી Dravidian સંસ્કૃતિને Follow કરે છે જયારે અનાવિલો Aryan છે એ એમના વિચારો, પહેરવેશ અને દેખાવ પરથી પણ જણાઈ આવશે આ બધી વાતોથી એવા નિષ્કર્ષ પર આવી શકાય કે અનાવિલો આજના પશ્ચિમ બિહારના ભોજપુર, બકમસર સિવાન કે સરન જિલ્લાઓ અને પૂર્વ ઉત્તરપ્રદેશના બલિયા જિલ્લા બાજુના મૂળ રહેવાસી હતા અને અમુક સમયે દક્ષિણ ગુજરાત બાજુ (તાપી થી વાપીની વચ્ચે) સ્થળાંતરિત થયા હશે.

હવે એનાથી એક ડગલું વધારે જતાં અને ઈતિહાસ તપાસતાં એવું પણ જણાય છે કે અખંડ ભારત વર્ષ અફઘાનિસ્તાનથી બર્મા સુધી વિસરતું હતું. અને એ વખતે પણ લોકોનું સ્થળાંતર એક જગ્યાએથી બીજી જગ્યાએ થતું રહેતું હતું. Aryan migration thero તપાસતાં જણાય છે કે ભૂમિહાર બ્રાહ્મણો મૂળે બલુચિસ્તાન બાજુથી બિહાર બાજુ સ્થળાંતરિત થયા હતાં.

આ વાતને વધુ બારિકાઈથી તપાસતાં એક તથ્ય લાગશે કે દરેક અનાવિલ બ્રાહ્મણોની એક કુળદેવી હોય છે. મારી કુળદેવી હિંગરાજ માતા છે અને હિંગરાજ માતા બાવન શકિતપીઠમાંની એક છે. એનું મૂળ સ્થાન હાલના પાકિસ્તાનના બલુચિસ્તનમાં મકરન પાસે છે. હવે આ ખાલી સંયોગ ન હોઈ શકે. આ theory માટે વધુ research કરવાની જરૂર છે. અને અનાવિલો અને બલુચી લોકોનો DNA ટેસ્ટ પણ થઈ શકે જો કોઈ conclusive તારણ પર આવવું હોય તો !

આપણે એ ન ભૂલવું જોઈએ મૌર્ય સામ્રાજયના સમયમાં બલુચિસ્તાન એક સંપૂર્ણ હિંદુ area હતો અને બલુચિ ભાષા પણ Dravidfian language group માં આવે છે નહિ કે Aryan language group માં.

આ બધાં research પરથી હું એવા તારણ પર આવ્યો છું કે અનાવિલોએ ભૂમિહાર બ્રાહ્મણોની એક જાતિ છે. વધુ research માટે www.bhumihar.co.in/about-bhumihar અથવા www.bhumiharvahasngh.com/history.jsp પર જઈ શકો. અનાવિલોની જેમ જ ભૂમિહારો પણ પોતાને પરશુરામના વંશજો માને છે. અનાવિલો માને છે કે ચાણકય અનાવિલ હતો અને ભૂમિહારો માને છે કે ચાણકય ભૂમિહાર હતો, એટલે કે અનાવિલ ભૂમિહાર એક જ જ્ઞાતિ છે.

આજે અનાવિલોમાં દારૂ અને નોન-વેજની બદી એ રીતે ઘૂસી જઈ રહી છે કે અનાવિલો બ્રાહ્મણો હતા જ નહિ અને ભગવાન રામના સમયમાં અશ્વમેઘ યજ્ઞ વખતે દક્ષિણ ગુજરાતના આદિવાસીઓને જનોઈ ધારણ કરાવી અનાવિલો બનાવી દીધા, એ વાત સંદતર ખોટી છે અને એને ઈતિહાસ સાથે કોઈ સબંધ નથી. વળી આ વાત એવી છે કે એને કોઈપણ રીતે પૂરવાર પણ કરી ન શકાય.

In Fact હિંદુ રિવાજ પ્રમાણે બ્રાહ્મણોને જ બીજાને દીક્ષા આપવાનો અધિકાર હતો અને છે એટલે જ તો રામ પોતે ભગવાન હોવા છતાં પણ

એમના રાજ દરબારમાં ગુરૂ વશિષ્ઠ જ બ્રાહ્મણોને લગતાં કાર્યો કરી શકતા હતા. ભગવાન હોવા છતાં પણ પોતે ક્ષત્રિય હોવાથી એમને દીક્ષાનો અધિકાર ન હતો.

અનાવિલોએ પોતાના ઈતિહાસને સમજીને ગર્વ લેવાની જરૂર છે, આપણે બ્રાહ્મણો જ છીએ અને આપણે બ્રાહ્મણોની જેમ જ જીવવું જોઈએ. લાગતાં વળગતાં કમો કરવા જોઈએ. પછી ભલે આપણે અયાચક બ્રાહ્મણો હોઈએ અને કર્મકાંડ ન કરતા હોઈએ. શાસ્ત્ર પ્રમાણે અનાવિલોને કર્મકાંડ કરવાનો કોઈ બાધ નથી, ફક્ત એટલું જ છે કે આપણે દક્ષિણા ગ્રહણ ન કરી શકીએ.

આ એક માત્ર research છે, જેમાં ક્ષતિને અવકાશ હોઈ શકે છે હું સમજું છું કે અમુક વસ્તુ પૂરવાર કરવી મુશ્કેલ છે અને વધુ research ને અવકાશ છે પણ મને લાગે છે કે logically એ વાત સત્ય છે અનાવિલો ભૂમિહાર બ્રાહ્મણોની જ એક જ્ઞાતિ છે અને પશ્ચિમ બિહાર - પૂર્વ ઉત્તરપ્રદેશ તરફથી દક્ષિણ ગુજરાત બાજુ આવી છે.

જો કોઈને મને લખવાની ઈચ્છા હોય તો તેઓ મારા ઈ-મેલ પર સંપર્ક કરી શક છે. અથવા મારા બ્લોગ પર કોમેન્ટ છોડી શકે છે.

જય શુક્લેશ્વર ! જય અનાવિલ !

anavilehasblogspot.com
prouderanarlo@gmail.com ■



પાના નં. ૧૧ થી ચાલુ

દવે, પદ્મમારાણી, ધર્મેશ વ્યાસ જેવાઓએ એમનાં નાટકોમાં અભિનય કર્યો. મુંબઈના રાજેન્દ્ર બુટાલા, અમિત દિવેટીયા જેવા દિગ્દર્શકોએ તથા અમેરિકામાં અકસ્માતથી મૃત્યુ પામેલા મહાવીર શાહે પણ શ્રી વિલોપન દેસાઈનાં નાટકો કર્યાં છે.

શ્રી વિલોપન દેસાઈ માને છે કે, નાટ્યલેખન એટલે મીંડા પરથી સાથિયો દોરવો. મીંડા પાડવા, પછી એના પર રેખા દોરવી ને પછી એમાં રંગ પૂરવા. પ્રેક્ષકોનો રસ અને કુતૂહલ જળવાઈ રહેવું જોઈએ એવું દ્રઢપણે માનનારા શ્રી વિલોપન દેસાઈ પોતાના નાટક માટે વિષયવસ્તુ વર્તમાનપત્રના સમાચારો, ટી.વી.ની સીરિયલો, અંગત જીવનમાં બનતી ઘટનાઓ, સારી ફિલ્મો, સારી નવલકથાઓ-વાર્તાઓ, આજુબાજુ બનતી ઘટનઓમાંથી મેળવે છે. અલબત્ત, કથાવસ્તુ સુંદર હોય એટલે નાટક પણ ઉત્તમ થાય એવું માનવું ભૂલભરેલું છે. કથાવસ્તુ નક્કી થયા પછી ઘટનાનો સમય, સ્થળ, સમયખંડ નક્કી કરીને જ નાટકનો પાયો નાખવો જોઈએ. નાટકની શરૂઆત જેટલી મહત્વની છે એટલો જ એનો કલાઈમેક્સ મહત્વનો છે. રંગભૂમિનું સંપૂર્ણ ટેકનિકલ જ્ઞાન હોય તે જ સારું નાટક લખી શકે છે એવું શ્રી વિલોપન દેસાઈનું દ્રઢપણે માનવું છે. સાથે જીવનનાં સૂત્રો પરથી નાટકની બાંધણી થાય તો લોકોને નાટકમાં વધુ રસ પડે. અને જીવનને તેઓ વધુ સમજી શકે, તેઓ માને છે કે, હજુ વધુ શીખવાનું છે, માણસ તરીકે પણ વધુ વિકસવાનું છે, ને આજીવન વિદ્યાર્થી તરીકે રહીને નાટકને રાજકપૂરના 'શો મસ્ટ ગો ઓન' ની જેમ વધુ ને વધુ આપતા રહેવાનું છે. ■

**સદ્ગત માતૃશ્રી અ.સૌ. વસુમતિ તથા પિતાશ્રી નટવરલાલ મણિભાઈ દેસાઈ, ભદેલી-મુંબઈના સ્મરણાર્થે**
**સ્મૃતિ સૌજન્ય :** નટવરલાલ મણિભાઈ દેસાઈ, ભદેલી હાલ મુંબઈ
AJIT-BORIVALI 7471 SEPT-2017 To AUG-2018

# કીર્તિદેવ ડાહ્યુભાઈ દેસાઈ

જન્મ તારીખ : ૦૬-૦૩-૧૯૩૩
મૃત્યુ તારીખ : ૨૯-૦૯-૧૯૮૩
જન્મ સ્થળ : સુરત મૂળ વતન : સરભોણ
અભ્યાસ : ૧૯૫૬-૬૦ ભવન્સ કોલેજ મુંબઈમાં ૧૯૬૦-૧૯૮૩ સુધી ગુજ. યુનિ. માં હોડ અને રિસર્ચ ગાઈડ

૧૯૬૨માં સિરાકયુઝ યુનિ. માં ફેલોશિપ. ૧૯૮૧માં ફેકટરી એકસચેન્જ પોગ્રામ હેઠળ કોલંબિયા યુનિ. વિઝીટીંગ ફલો.

અનાવિલ પોકાર વગેરે અનેક અનાવિલ જ્ઞાતિના સામયિકોમાં સુંદર લેખો લખ્યા. દર ગુરુવારે 'સંદેશ'માં 'રાજકીય રંગપટ' ની કોલમમાં વર્ષો સુધી સામપ્રત રાજકીય ગતિવિધિઓ પર મનનીય અને અભ્યાસુ લેખો લખ્યા, જે સામાન્ય લોકો સાથે નેતાઓમાં પણ લોકપ્રિય થયા હતા. રાજકારણમાં પડયા વગર તટસ્થભાવે નેતાઓને પણ દેશદાઝથી સમતોલ વલણ લેવા પ્રેરતા. એમની રાજકીય ક્ષેત્રે છોગારૂપ કામગીરી એટલે જયપ્રકાશજીના આંદોલન વેળા જયપ્રકાશજી અને મોરારજીભાઈ વચ્ચે મધ્યસ્થી કરી એમની વચ્ચેની ગેરસમજ નિવારી બન્નેને નજીક લાવવાની અને જનતાપક્ષને મદદરૂપ થવાની. એમના લેખોમાં સામાજિક અને રાજકીરા ક્ષેત્રે સુધારા લાવવાની અને સમાજને ઊંચે લાવવાની મુખ્ય નેમ રહેતી. એમાં પ્રવીણભાઈ શેઠની જુગલબંધી રહેતી. એમના આકસ્મિક મૃત્યુ બાદ એ પરંપરા એમની મોટી દીકરી સરિતાએ સારી રીતે નિભાવી. કીર્તિદેવભાઈના લેખો, નિબંધો ગ્રંથસ્થ થઈ શકયા નથી. પણ 'અનાવિલ પોકાર', 'અનાવિલ જગત' કે 'સંદેશ' ના જૂના અંકોમાં મળી શકે. એમાંના કેટલાક લેખો જૂના અંકોમાંથી શોધી કાઢી ફરી 'જય શુકલેશ્વર' માં છાપી શકાય કે ગ્રંથસ્થ કરી શકાય, તો એમને સાચી અંજલિ આપી શકાય. એમણે 'ભૂમિપત્ર'ને સંભાળવાનું અને એમાં સંપાદંનનું કાર્ય પણ સ્તુત્યરૂપે કર્યું હતું. એમાં પણ એમના લેખો હોઈ શકે. 'કટોકટી' વિરુધ્ધ જનમાનસને યોગ્ય રીતે ઘડવાનું કામ પણ એમણે સારી રીતે પાર પાડયું હતું.

---

પાના નં. ૩૬ થી ચાલુ

કોમ્પ્યુટર, ઈલેકટ્રોનિકસ, મિકેનીકલ, સિવિલ, મેડિકલ, ઈ-કોમર્સ વગેરે ક્ષેત્રમાં તકો મળી શકશે. રીસર્ચના ક્ષેત્ર આપણો દેશ ખૂબ જ ઝડપથી પ્રગતિ કરી રહ્યો છે. ઈન્ટરનેટને લીધે અમેરિકા, જર્મન વગેરે દેશોના કાર્યક્ષેત્રની માહિતી ખૂબ જ ઝડપથી વિદ્યાર્થીને મળે છે. એટલે વિદેશ જતા વિદ્યાર્થી મિત્રોને ત્યાંની બધી જ માહિતી આગળથી હોય છે. મહર્ષિ અરવિંદે કરેલી ભારતની ૨૦૧૦માં ભારન 'સુપર પાવરની આગાહી, ડો. કલામે જોએલું વિકસિત ભારત રાષ્ટ્રનું સ્વપ્ન, યુનો દ્વારા ભારત આર્થિકમહાસત્તાની આગાહીમાં અનાવિલો હરણફાળ ભરે તેવી શુભકામના મને આશા છે કે, ભારતના એક રૂપિયાનું આંતરારાષ્ટ્રીય મૂલ્ય ટૂંક સમયમાં ૪૦ ડોલર થશે. આ આગાહી કરનાર યુનોના અધિકારીનું સ્વપ્ન જલ્દીથી સાચું પડશે.
ધી ઉજાસ દિવ્ય | ૯ ઓગષ્ટ ૨૦૧૩ ■

---

**સદ્‌ગત માતૃશ્રી અ.સૌ. ઉષાબહેન અજીતભાઈ દેસાઈ ધમડાચી હાલ બોરીવલીના સ્મરણાર્થે**
**સ્મૃતિ સૌજન્ય :** પુત્રીઓ બંસી તથા કુંજન દેસાઈ ધમડાચી હાલ બોરીવલી, મુંબઈ

# વિલોપન દેસાઈ

જન્મ તારીખ : ૨૦-૦૫-૧૯૪૭
જન્મ સ્થળ : ગણદેવી (જિ. વલસાડ),
પત્ની : જયોતિબેન
સંતાનો : બે પુત્રો નચિકેત, શ્યામલ
અભ્યાસ : એમ.એસ.સી., એલ.એલ.બી., સી.એ., એ.આઈ.બી.
વ્યવસાય : સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં ૩૯ વર્ષની નોકરી, ૧૯૭૭ થી ઓફિસર

૧૯૮૬ થી મેનેજર, મે ૨૦૦૭માં નિવૃત

શોખના વિષયો : નાટક, લેખન, યોગ, આધ્યાત્મક

કારકિર્દી : ૬૦ની આજુબાજુ ત્રિઅંકી નાટકો લખ્યાં, અનેક એકાંકીઓ રચ્યાં.

મુંબઈની રંગભૂમિ પર ૨૫-૩૦ નાટકો સફળનાથી ભજવાયાં

૫૦ જેટલા નાટકોમાં અભિનય કર્યો છે.

ગુજરાત રાજય સંગીત નૃત્ય નાટય અકાદમીના શ્રેષ્ઠ લેખન માટેના ત્રણ ઈનામો મળ્યા છે, રાજય કક્ષાએ પણ ઘણાં નાટકો માટે ઈનામો મળ્યાં છે. લકુલીશ યોગ ફાઉન્ડેશનના મંત્રી છે. આખા ગુજરાતમાં યોગના વર્ગો ચલાવ્યા છે. લકુલીશ યોગ વિદ્યાલયના ત્રણ શ્રેષ્ઠ શિક્ષકોમાંના એક. કોલેજ અભ્યાસ દરમ્યાન યુનિ. તથા રાજયકક્ષાએ રમતગમતમાં ભાગ લીધો હતો.

'ચેનલ સુરત' જેવી સ્થાનિક સંસ્થાઓએ સન્માનિત કર્યા છે.

તેઓ માને છે કે જીવન એક રંગમંચ છે અને આપણે સૌએ વિવિધ ભૂમિકાઓ ભજવવાની છે. ધારીએ તો કશું અશકય નથી. મુંબઈનાં નાટકો સુરતમાં ભજવતાં તે સમયગાળા દરમ્યાન સુરતસ્થિત નાટયલેખકો તરીકે તેમણે નાટકો લખી સફળતાપૂર્વક મુંબઈમાં પણ ભજવી બતાવ્યાં.

સરનામું : ૧૨, બીજો માળે, જીવનવિકાસ સોસાયટી, ગોકુલધામ ડેરી પાસે, અઠવા લાઈન્સ, સુરત-૩૯૫ ૦૦૧
સંપર્ક : ફોન (૦૨૬૧) ૨૬૬૪૦૭૧ મો. ૯૮૯૮૪ ૨૧૬૪૧
ઈ-મેઈલ & vilopandesai@hotmail.com
પ્રકાશિત પુસ્તકો : વિજેતા એકાંકીઓ પ્ર. આ. ૨૦૦૯ ■

---

પાના નં. ૪૪ થી ચાલુ

જો કે આ બોલીની નોંધપાત્ર લાક્ષણિકતાઓ તે એના લાક્ષણિક શબ્દો, રૂઢિ પ્રયોગો અને કહેવતોમાં જોવા મળે છે.

અને અંતે :-

દક્ષિણ ગુજરાતના લોકજીવનને અનાવિલાએ ચોતરફી અસર પહોંચાડી છે. ગુણવંતશાહ યોગ્ય રીતે જ કહે છે કે "અનાવિલો વિનાનું દક્ષિણ ગુજરાત એટલે કોયલ વગરનું આંબાવડિયું. વાસંતી માદકતા પ્રહારાવતા મઘમઘાટ અને સૌંદર્યને રાગનેલય સૂર અને સ્વરથી રણઝણતું અને ગુંજતુ કોણ કરે છે. ભલા ? 'અનાવિલ બોલી' એ દેશ પરદેશના રણકાર અને ભણકાર ઝીલીને એ સઘળાંને ઉદરમાં ભરી ભરીને હજી 'ઓડકાર' પણ કયાં ખાધો છે ? હજી તો નિતનવા પ્રયોગો અપનાવ્યે જાય છે અને અપનાવતી જ રહેશે !! ભાષાને શુ વળગે ભૂર, રણમાં જીતે તે છે શૂર ખરૂ ને ? ■

---

# વિલોપન દેસાઈ

– જનક નાયક

આંખ ખુલી ગઈ સમજાયું નહિ કે હું સુરતમાં છું કે અમેરિકામાં ? દરેક સવાર એકસરખી જ હોય છે એવું અર્ધઊંઘમાં અનુભવાયું. એ પછી સુરત હોય, અમેરિકા હોય કે ગમે ત્યાં. થોડો સમય પડખાં બદલતો રહ્યો. બેડ પર અવાજ વધી ગયો. તરત સમજાઈ ગયુ કે, હં અમેરિકામાં છું. અને યુવિન્ગમાં છું. અમેરિકામાં ડબલ બેડનું લોજિક મને હજુ સમજાયું નથી. રૂ જેવો પોચાં, પણ અત્યંત મોંઘા ગાદલાં. પથારી નહિ, પણ કોઈ ઊંડા ખાડામાં પડયા હોઈએ એવો અહેસાસ થાય. પડખું બદલાય ત્યારે કશુંક તૂટતું હોય અથવા કાગળ ફાટતો હોય એવો ચરરરર અવાજ થતો હોય. આખી રાત ડબલ બેડમાંથી આવતા અવાજને કારણે આપણે કે આપણા પ્રિય સાથી કોઈ સરખું ઉંઘી નહિ શકે. યોગનિદ્રાની વાત તો કદાચ ભારતમાં જ શકય છે. ઘડિયાળમાં જોયું સવારે સાડા પાંચ. સૂર્યનારાયણે કાચની બારીમાંથી અનધિકૃત પ્રવેશ કરી લીધો હતો. ઊઠવું કે ન ઊઠવું તેની અવઢવમાં હું હતો. ઘરમાં કોઈ ઊઠયું ન હોય તો ? નકામી કોઈની ઊંઘમાં ખલેલ પડે. બેડ પર કયાંય સુધી પડખાં ઘસતો રહ્યો. પછી કંટાળીને ઊભો થયો. નીચે આવ્યો. કોઈ ઊઠયું છે ? કિચનમાં જઈને જોઉં છું તો સામે નાટયકાર શ્રી વિલોપન દેસાઈ છે. એક હાથમાં ફલાવરનો મોટો દડો છે, ને બીજા હાથમાં ચપ્પું છે. ઝડપથી ફલાવર પર ચપ્પુ ફરી રહ્યો છે. એક ગેસ પર કુકર મૂકેલું છે, બીજા પર ચા છે. ઊકળતી ચાની સુગંધ અને કુકરમાં કશુંક બફાવાની મહેંક સેળભેળ થઈ ગઈ છે. કયાંક સુધી હું ઉભો રહ્યો. અચાનક વિલોપનભાઈની દ્રષ્ટિ મારા પર પડી. હું હસી પડયો. 'વાહ, તમારું નવું સ્વરૂપ !' એય હસ્યા. જયોતિભાભીને ભારે રુમેટરોઈડ આર્થરાઈટિસ. સવારે તો એમનું શરીર સજ્જડ થઈ ગયું, વળી પુત્રવધૂ રોશની પ્રેગ્નન્ટ. ખાવાનું એઓ જ બનાવતા શીખી ગયા. એકાએક મારી આંખ સમળા ભગવતીકુમાર શર્માનું સુરતનું દેસાઈ પોળનું ઘર આવી ગયું. જયોતિભાભી પણ અસ્વસ્થ ભગવતીભાઈને સવારે મેં પાણી ભરતા, ચા બનાવતા, ઘરની સાફસફાઈ કરતાં જોયા છે. સર્જક કંઈ આખો વખત સર્જક નથી હોતો. ઊલટાનો સાચો સર્જક આદર્શ માણસ વધુ હોય છે. એમણે મસ્ત ચા બનાવી. અમે બહાર ખુલ્લામાં બેઠા. ને વાતો શરૂ થઈ, નાટકની, સૂરતની, અમેરિકાની, બ્રોડવે થિયેટરની, રંગભૂમિની, નાટયસર્જનપ્રક્રિયાની...

તા. ૨૦મી મે, ૧૯૪૭માં ગણદેવીમાં જન્મેલા શ્રી વિલોપન દેસાઈએ ધો. ૫માં હતા ત્યારે સૌ પ્રથમ ૧૯૫૭ના બળવા પર આધારિત નાટકમાં ભૂમિકા કરી હતી. એ પછી કોલેજમાં પણ નાટકમાં નાની-મોટી ભૂમિકા કરી. નાનપણથી નાટકનો શોખ. અમરચંદ અરબસ્તાની નાટકો કરતાં ત્યારે સૌ પ્રથમ કુતૂહલવશ જોવા જતા. ત્યારે ચા લઈ આવવી, સ્ટેજ ફર્નિચર ગોઠવવું, લાઈટ્સ, મ્યુઝિક શો દરમ્યાન અરેન્જ કરવું, સ્ટેજ બાંધવા વગરે વર્ષો સુધી કામ કર્યું. ત્યારે એઓ જાણતા નહોતા

કે, લૉ કોલેજ માટે અચાનક નાટક લખવાનું આવશે ત્યારે આ અનુભવ કેટલો કામ આવવાનો છે ? ઉત્તમ નાટક લખવું હોય તો રંગભૂમિ વિશેની નાનામાં નાની વિગત જાણવી ખૂબ જરૂરી છે. પ્રથમ નાટ્યલેખન હતું 'રાહી રૂપના', 'મુસાફર મોતના'. સ્પર્ધામાં એ પ્રથમ આવ્યું. સ્ટેટ બેંકમાં અધિકારી, કામ ખૂબ રહે, યુનિયનની પ્રવૃતિ પણ ખાસ્સી, યોગના કલાસ ચલાવે, પ્રતાપ પ્રેસમાં તંત્રી ખાતામાં પાર્ટ ટાઈમ સર્વિસ. તેમાં લાગ્યો નાટ્યલેખનનો ચસ્કો. સવારે વહેલાં ત્રણેક વાગ્યે ઊઠે, ને નાટક લખે. વળી તેઓ માને કે, ગુજરાતી ભાષા ભુલાતી જાય છે એવું મ્હેણું ભાંગવું હોય તો શ્રેષ્ઠ નાટકો આપવાં જોઈએ. પરિણામે તેઓએ અમેરિકન રંગભૂમિ, બ્રોડવે થિયેટરમાં ચાલતાં નાટકો, સ્ક્રિપ્ટ રાઈટિંગ, રંગમંચ લાઈટ્સ, સંગીત, કલાકારો, ડાયલોગ્સ વગેરે વિશે ખાસ્સું વાચ્યું. અમેરિકા આવે, તે ડ્રામા બુકસ્ટોર જેવા વિશાખ સ્ટોરમાં જાય, જયાં માત્ર નાટકને લગતાં પુસ્તકો જ મળતાં હોય, કલાકો સુધી બેસીને વાંચ્યા કરે. નાટકને સમજે, ને ગુજરાતી લોકોને સરળ ભાષામાં, છતાં કલાસિક નાટકો સાથે તેય મનોરંજક શૈલીમાં કઈ રીતે આપી શકાય એની સતત જાત સાથે વિચારગોષ્ઠિ કરતાં રહે.

નાટ્યલેખનનાં થોડાક નિયમો આ વિશાળ વાંચન પછી એમણે જાતે જ ઘડી કાઢયા. ૧, સારું નાટક લખવું હોય તો રંગભૂમિ વિશે ઝીણામાં ઝીણી વિગત જાણવી ખૂબ જરૂરી છે. ૨. વિશાળ સમુદાય નાટકો જુએ એવું કરવું હોય તો નાટકની ભાષા સરળ હોવી ખૂબ જરૂરી છે. ૩. સાથે શ્રોતાનું મનોરંજન પણ થવું જોઈએ. ૪. માત્ર મનોરંજન જ નહિ, પણ જીવન વિશે પ્રેક્ષકો નવેસરથી વિચારે એવું કથાવસ્તુ હોવું જરૂરી છે. ૫. નાટક એક પ્રોસેસ છે. એ ૩૦-૪૦ માણસો દ્વારા ભજવાય છે, તેથી નાટ્યલેખન ભલે લેખકનું હોય પણ પછી સાથે મળીને એમાં સુધારાવધારા થઈ શકે. નાટ્યલેખકનું મન વિશાળ હોવું જરૂરી છે. ૬. નાટક કથા પ્રેક્ષકો સમક્ષ ભજવવાનું છે એ ધ્યાનમાં રાખીને લેખન થવું જરૂરી છે.

વીર્યદાનથી થયેલા પુત્રને સાચા પિતાની જાણ થાય છે, પછી કાયદાકીય શું વ્યવસ્થા હોવી જોઈએ, એના સંઘર્ષને વાચા આપતું 'શાપિત' નામક પ્રથમ નાટક મુંબઈમાં બીજાના નામે ભજવાયું હતું. એ પછી તો 'વહુ'ના પરંપરાગત ખ્યાલ સાથે સંઘર્ષની માંડણી કરીને જેના ૧૫૦થી પણ વધુ શો થયા હોય એવું નાટક તે 'મોટા ઘરની વહુ', જાણીતા લેખિકા શ્રી વર્ષા અડાલજના પિતાશ્રી ગુણવંતરાય આચાર્યના જીવનમાં બનેલી સાચી ઘટનાને આલેખતું, એકલા રહેતા ઘરડાંઓને અંડર વર્લ્ડના ગુંડાઓ હેરાન કરે ને જે સંઘર્ષ સર્જાય એ ઘટનાવસ્તુ પર આધારિત અતિ સફળ નાડક એટલે 'મારું નામ શ્રદ્ધા કોઠારી', ઈશ્વર વિશેની ભ્રમણાઓને કેન્દ્રમાં રાખીને જીવનમર્મ સમજાવવાની મથામણ કરતું નાટક એટલે 'હું જ તારો ઈશ્વર', સંપત્તિવાનને કાયદો નડતો નથી એવો ચેલેન્જિંગ વિષય લઈને જે નાટક થયું એ 'તકદીરનો તકાજો', કોઈ પણ પરિસ્થિતિમાં પ્રેમ એ પ્રેમ જ છે એ થીમ પર આધારિત નાટક એટલે 'રાણીને ગમે તે રાજા' જેવાં અનેક નાટકો મુંબઈની રંગભૂમિ પર ભજવાયાં. પંદરેક જેટલા એકાંકી અને સાઠેક જેટલા ત્રિઅંકી નાટકોમાંથી ૯૦ ટકાથી વધુ નાટકોના વધુ પ્રયોગો થયા. કેતકી

પાના નં. ૭ ઉપર

**સદ્‌ગત માતૃશ્રી અ.સૌ. કાંતાબેન તથા પિતાશ્રી રમણલાલ અંબેલાલ દેસાઈ, ધમડાચીના સ્મરણાર્થે**
**સ્મૃતિ સૌજન્ય :** પરિવાર તરફથી

# વિલોપન દેસાઈનું એકાંકી

શાપિત

પાત્રો : (૧) ભગુમામા : ધંધો શેર દલાલ (૨) ચોકસી : ભગુમામાનો સબબ્રોકર (3) શાસ્ત્રી : ભગુમામાનો સબબ્રોકર (૪) ચંપક : ભગુમામાનો સબબ્રોકર (૫) મિ. મુરલી : બોમ્બે લિવીંગના એમ.ડી. (૬) મિ. જૈન : મીડ ડે

વર્તમાનપત્રના તંત્રી (૭) ગાર્ગી : યુવાન, ઈન્વેસ્ટીગેટીવ પત્રકાર (૮) અનિકેત : રિલાયેબલ ઈન્ડસ્ટ્રીઝનો ભાવિ વારસ (૯) ડૉ. ભાર્ગવ : જનક રાજવાણી (રિલાયેબલ ઈન્ડસ્ટ્રીઝનો સર્વેસર્વા)ના અંગત ડૉકટર-મિત્ર (૧૦) મિસિસ રાજવાણી : જનક રાજવાણીના પત્ની-અનિકેતની માતા (શેર બ્રોકરની ઓફિસના ભાગમાં પ્રકાશ પથરાય)

ભગુમામા : હલ્લો. હા, હા. રિલાયેબલના શું સમાચાર છે ? એમ ? શું વાત કરો છો ? હોય નહિ યાર. બરાબર કન્ફર્મ કરો ને. હું અડધા કલાક પછી ફોન કરું છું. મને એકઝેટ માહિતી જોઈએ. શું ખરાબ મોશન થઈ ગયા છે. હા, હા. પોઝિશન ખરાબ થઈ ગઈ છે. અરે, યાર અહીં તો આખા બજારને મોશન થઈ ગયા છે, આખા બજારની મા પૈણાઈ ગઈ છે. હા, હા. હું અડધા કલાકમાં પાછો ફોન કરું છું.

ચોકસી : કેમ આપણી ઈન્ફોર્મેશન સાચી ને ? મેં તો પરમ દિવસે જ રિલાયેબલના શેર હૈદ્રાબાદમાં કાપી નાખેલા. ને બે દિવસમાં તો ૫૦નું ગાબડું.

શાસ્ત્રી : તો મંદીનો સોદો કરી નાખો, યાર. આ રિલાયેબલ તો હાથી જેવો શેર છે. ગમે તેટલો બેસે. એકવાર ઊભો થાય ને તો ખલાસ. એ પાછો ઊભો તો થવાનો જ. યાર, રાજવાણીનો સંબંધ પી.એમ. સુધી છે.

ભગુમામા : અરે, પી.એમ. ની કા મા પૈણે છે ? આપણી વાત કરને, ચાલો, ચાલો. બધા ફોન ઉલટાવી નાખો. થોડી વાર શાંતિ, આ તો આખા બજારની મા પૈણાઈ ગઈ. ચોકસી એક કામ કર.

ચોકસી : મને કાંઈ કામ ન સોંપતા. મારે હમણાં જ ઘરે જવાનું છે. મારી બૈરીની કસુવાવડ થઈ ગઈ છે.

ભગુમામા : અત્યારે તારી બૈરીની કાં મા પૈણે છે. અહીં આપણા બજારની કસુવાવડ થઈ ગઈ છે.

ચોકસી : પણ ભગુમામા, મારી બૈરી...

ભગુમામા : અરે, તારામાં જોર હશે તો તારી બૈરીની બીજી વારની સુવાવડ આવશે.
પણ આ બજારની કસુવાવડ થઈ તો આપણી મા પૈણાઈ જશે. હા, ચોકસી તું આ વેણીલાલને ઓળખે ?

ચોકસી : વેણીલાલ ?

ભગુમામા : વેણીલાલ દલાલ. અમદાવાદનો બ્રોકર. યાર, આ માણસ કેવો ? આમ તો અમે સાથે ભણેલા. અમદાવાદમાંયે સાથે રહેલા.

શાસ્ત્રી : તો તમને જ ખબર હોય ને.

ભગુમામા : ખબરની કયાં મા પૈણે છે. મનો તો ખબર જ છે. પણ આવા વખતમાં બે જણને પૂછેલું સારું.

ચોકસી : માણસ હોંશયાર,

**સદ્‌ગત દાદીમાં વિરમતીબેન તથા દાદાજી રતિલાલ (નટુભાઈ) અંબેલાલ દેસાઈ, ધમડાચી - બોરીવલીના સ્મરણાર્થે**
**સ્મૃતિ સૌજન્ય :** (પૌત્રી) બંસી અને કુંજન ધમડાચી - બોરીવલી, મુંબઈ

ચંપક : અને પ્રામાણિક, બહુ નીચેથી ઉપર આવ્યો છે.

ભગુમામા : તે આવે જ ને. હું એને પહેલેથી ઓળખું. પહેલાં એ ભેંસ વેચતો હતો. ત્યારથી સાલો સેલ્સમેન બહુ અચ્છો. એક વાર ઘરાક ભેંસ લેવા આવ્યો હું ત્યાં જ હતો. વેણીલાલે એક ભેંસ બતાવી. કિંમત કહી ૫૦૦૦ રૂપિયા અને ઉપરથી બે બચ્ચાં મફત. ઘરાકની નજર બીજી ભેંસ પર પડી. વેણીલાલે કિંમત કહી ૭૦૦૦ રૂપિયા અને એક બચ્ચું મફત. પછી ઘરાકની નજર એક મસ્ત ગીરનારી ભેંસ પર પડી. ઘરાકને ગમી ગઈ. વેણીલાલે કિંમત કહી રૂ.। ૧૦,૦૦૦. ઘરાક કહે, બચ્ચાં કેટલાં ? વેણીલાલે કહ્યું એક પણ નહિ. તો ઘરાક કહે કે બચ્ચાવાળીના ૫૦૦૦, એક બચ્ચાવાળીના ૭૦૦૦ અને એક પણ બચ્ચા વગરની ભેંસના ૧૦,૦૦૦ ? તો વેણીલાલ કહે, યાર કિંમત સામે ન જુઓ. એના કેરેક્ટર સામે જુઓને. ઘરાકે ફટાક દઈને ૧૦,૦૦૦ ગણી આપ્યા. (ફોનની રિંગ વાગે.) હા, હલ્લો, હલ્લો. રિલાયેબલ ? ના, હોય નહિ ? યાર મરી જવાના. હા, હા, વિચારીએ. હા, સમાચાર આપતા રહેજો. (ફોન મૂકે)

ચોકસી : શું થયું ભગુમામા ? ભાવ વધારે ગગડયા કે શું ?

ભગુમામા : અરે, થોભો યાર. (ફોનના નંબર ફેરવતાં) આપણો મીડ ડેમાં એક સોર્સ છે. સવારથી રિંગ કરીને થાકી ગયો. માળાઓ જબરી ધમાલમાં છે. કોઈ જવાબ નથી આપતું (ફોન પછાડે)

શાસ્ત્રી : આ મીડ ડેનો જૈન, બોમ્બે લિવીંગનો મુરલી. બધા જ ભેગા થઈ ગયા છે. રિલાયેબલ અને રાજવાણીને ડૂબાડશે જ.

ભગુમામા : અરે, આ બધી વાત મૂકો બાજુએ. પાડેપાડા લડે એમાં ઝાડનો ખોડ નીકળી જાય. પણ શેરબજારમાં પાડેપાડા લડે ત્યારે દલાલો અધ્ધર થઈ જાય.

ચંપક : કાંઈ સમજ ના પડી.

ભગુમામા : રાણીના, તારા બાપાએ તને પૈણાઓ ત્યારેય કાંઈ સમજ પડી હતી તને ?

જુઓ બધા આ બાજુ આવો. (બધા એની આસપાસ ભેગા થાય.)

શાસ્ત્રી : પણ ભગુમામા તમારી એરકન્ડીશન ઓફિસ છોડીને અમને અહીં કેમ બોલાવ્યા છે ?

ભગુમામા : હવે ઓફિસની કયાં મા પૈણે છે. બેસને છાનો માનો. હા, મુદ્દાની વાત પર આવીએ. આ આપણી મીટિંગ ખાનગી છે. એટલે આ મારી જૂની ઓફિસ ખોલાવી છે. આજે અહીં એક મોટી હસ્તી આવશે અને જુઓ એ આવે ત્યારે તમારે બોલવાનું નથી.

ચંપક : પણ એ રાણીનો છે કોણ ?

ભગુમામા : જબાન સંભાળ. જબાન સંભાળ, નામ સાંભળશે ને તો રાણી ને રાજા બધું ભૂલીને ગુલામની જેમ સલામ કરવા માંડશે. સલામ. ગધેડીના સહેજ તારી તરફ ઈશારો કરે ને તું કરોડપતિ થઈ જાય.

શાસ્ત્રી : આ ચંપકની અસર તમનેય લાગી . ગધેડા સાથે ગાયને બાંધો તો ભૂંકે નહિ તો ઊંચુ તો જુએ જ. લાત તો મારે જ. આ તમે નસ ખેંચવાનું કયારથી ચાલુ કર્યું ? નામ બોલો ને યાર.

ચોકસી : મગનું નામ મરી પાડો ને યાર

ભગુમામા : બોમ્બે લિવીંગના એમ.ડી. મિ. મુરલી જાતે અહીં આવે છે.

(બધા ચોંકી ઊભા-ટટ્ટાર થઈ જાય.)

બધા : હેં...એ...એ...એ....

ભગુમામા : જુઓ, આ આપણી મીટિંગની વાત સહેજ પણ ફૂટી છે તો લાખો રૂપિયાનો ફાયદો હાથમાંથી માછલીની જેમ સરકી જશે.

શાસ્ત્રી : પણ એ મુરલી આપણને કઈ ધૂન સંભળાવવા આવવાનો છે ? રિલાયેબલ સાથેની મારામારી નો મામલો તો નથી ને ?

ચંપક : બામણા તને કેટલી વાર કહ્યું. કથાકીર્તન છોડીને શેરબજારની શું કામ મા પૈણવા આવ્યો છે.

ચોકસી : ચંપક, આપણે પણ દિવેલ વેચતા હતા.

ચંપક : અરે, ગમે તે કરતા'તા પણ હમણાં ભગુમામા કહે છે તેમ કરો ને યાર. બે પૈસા મળતા હોય તો વાયડા થવાની શીરૂ જરૂર છે ?

ભગુમામા : બરાબર છે, ચંપકની વાત બરાબર છે. આપણે રહ્યા દલાલ. બે કંપની લડે કે બસ્સો કંપની લડે. આપણે તો આપણો ફાયદો જોવાનો.

શાસ્ત્રી : પણ આત્માના અવાજની વિરુદ્ધ

ભગુમામા : હવે આત્માની કયાં મા પૈણે છે. બામણ, આ મોરારિબાપુની કથા નથી મંડાણી. વેપારના ખેલ છે અને આવા ખેલમાં ફાવી જવાનો મોકો વારંવાર હાથમાં નથી આવતો. આપણે મિ. મુરલીની વાતો તો સાંભળીએ (ડોરબેલ વાગે) ચંપક બારણું ખોલ અને એને માનપૂર્વક અંદર લઈ આવ (ચંપક બારણું ખોલવા જાય. કનૈયાલાલ પોતાની ખુરશીમાંથી ઊભા થઈ ઝાપટઝુપટ કરવા માંડે. બીજા પણ તેમ કરે અને પ્રભાવશાળી મુરલી પ્રવેશે. બધાને ગ્રીટ કરે.)

મુરલી : ભગુમામા, મેં તમને બહુ રાહ જોવડાવી નહિ ?

ભગુમામા : રાહની કયા મા.... (અટકી જાય) ના જી, ના...જી... જરા પણ નહિ સાહેબ. અમારા સદ્‌ભાગ્ય કે આપે અમને યાદ કર્યા.

મુરલી : આ બધા આપણા વિશ્વાસુ માણસો છેને ?

ભગુમામા : હા, જી. સાહેબ. એકદમ વિશ્વાસુ. જાન જાય પણ જબાન નહિ હાલે.

ચોકસી : આપ બેફિકર રહો સાહેબ.

ચંપક : આપ હુકમ તો કરો સાહેબ.

મુરલી : રિલાયેબલના ભાવ ઝડપથી તૂટે છે નહિ ?

ભગુમામા : હા. જી. અમે તો લાખોનું જોખમ સાથે માથે લઈને બેઠા છીએ.

મુરલી : કેટલું જોખમ કાપવાનું થાય છે ?

ભગુમામા : હિસાબ જ નથી માંડયો સાહેબ.

મુરલી : ચાલીસ લાખ ? પચાસ લાખ ? સાંઠ...સિત્તેર?

ચોકસી : અરે. સાહેબ. એટલું બધું તો... (ચંપક-શાસ્ત્રી ચોકસીને કોણી મારે)

મુરલી : તમારું જોખમ ગણીને મને કહી દેજો. બીજે ન આપતા. હું ખરીદી લઈશ.

ભગુમામા : પણ સાહેબ, અમારે માટે તમે આટલું મોટું નુકસાન....

**સદ્‌ગત મોટામામા હસમુખરાય, નાનામામા રમેશચંદ્ર અંબેલાલ દેસાઈના સ્મરણાર્થે**
**સ્મૃતિ સૌજન્ય :** પ્રેમલ દેસાઈ હરિયા હાલ જર્મની

મુરલી : એ તમને નહિ સમજાય. કાલના પ્રેસમાં છપાવવાના સમાચાર મને આજે ખબર છે. ભાવ હજી ગગડશે. કાલનું અખબાર બહાર પડે ત્યાં સુધીમાં રિલાયેબલના પચાસ લાખ શેરો જુદે જુદે નામે સોદો પાડી વેચી મારો. તમારું તારણ બમણું કરી દઈશ. હા, પણ એક જ વાતનો ખ્યાલ રહે. કોઈ પણ સોદામાં સીધું યા આડકતરું મારું નામ ન સંડોવાય.

ભગુમામા : પણ સાહેબ ?

મુરલી : ભગુમામા, આજે તમે લાખોપતિ કોને લીધે બન્યા છો ?

ભગુમામા : આપની મહેરબાનીથી સાહેબ.

મુરલી : તો હવે તમે કરોડપતિ થશો અને આ તમારા સાથીઓ લાખોપતિ.

ચપક : સાહેબ આપ તો અમારે માટે ભગવાન જેવા છો.

મુરલી : મને સાથ આપનાર દરેકનુ હું ખ્યાલ કરી દઈશ.

શાસ્ત્રી : પણ સાહેબ, આપને રાજવાણી સાથે...

મુરલી : નામ ન લો એ હરામીનું મારી આગળ (ભગુમામા શાસ્ત્રીને ચૂપ રહેવાનો ઈશારો કરે) આ રાજવાણીને હું કંગાળ હાલતમાં જોવા માંગુ છું. કરોડો ખર્ચાઈ જાય તો ભલે. મારે રાજવાણીને પાઠ ભણાવવો છે. જવા દો એ વાત. હા તો ભગુમામા, મારી બીજી સૂચના ન મળે ત્યાં સુધી વાયદામાં વેચાય એટલા રિલાયેબલના શેરો વેચો. એના આસમાને ચઢેલા ભાવને ધૂળ ભેગા કરવા છે મારે. ધનતપનોત કાઢી નાખો એ રાજવાણીનું. ખલાસ કરી નાખો સાલાને. લો (પૈસા ભરેલી બેગ આપે.)

ભગુમામા : હા જી સાહેબ. (બેગ લેતા) આની કંઈ જરૂર નહોતી. આપનો શબ્દ બ્રહ્મ છે અમારા માટે.

મુરલી : હા તો ભગુમામા, તમે નીકળો . તમારી ઓફિસમાં જઈ બજારમાં આગ લગાડી દો. બજારના બૂલને ભડકાવી મૂકો. હાહાકાર મચાવી દો.

બધા : હા જી સાહેબ

મુરલી : અમને હા. ભગુમામા. આ તમારી ઓફિસ હું આજે વાપરીશ. માર કેટલીક અગત્યની મીટિંગો અહીં કરવી છે. આવજો. (બધા જાય. મુરલી સિગરેટ સળગાવે અને ડોરબેલ વાગતા મુરલી જાતે ખોલે અને મિ. જૈન મીડ ડૅનો તંત્રી દાખલ થાય.)

મુરલી : યસ, વેકલમ મિ. જૈન

જૈન : ખરી જગ્યા શોધી કાઢી છે ને યાર. ભરચક લત્તામાં એ કોઈને ખ્યાલ સુધ્ધાં નહિ આવે. શેરબજારના ચાણકય છો તમે તો.

મુરલી : થેકસ. કોન્ગ્રેચ્યુલેશન મિ. જૈન યુ. હેવ ડન એ માર્વલસ જોબ. યાર. આખા દેશમાં આખા કોર્પોરેટમાં સેકટરમાં ખળભળાટ મચી ગયો છે. આ સિચ્યુએશન થોડો વધુ સમય ચાલે તો મઝા આવી જાય. આઈ વુડ લાઈક ટુ સી રાજવાની ઓન રોડ.

જૈન : આઈ હેવ ઓલ્સો એન ઓલ્ડ એકાઉન્ટ ટુ સેટલ વીથ ધેમ. આ લોકોને ગવર્મેન્ટનું આટલું બૅકિંગ ન હોત તો મેં એ લોકોના ભુકકા બોલાવી દીધા હોત.

મુરલી : પણ યાર, તમે રાજવાણીની હેલ્થના સમાચાર મેળવ્યા કયાંથી ? શું એ ખરેખર

બાયપાસ સર્જરી માટે ફોરેન ગયો છે ?

જૈન : અમારા વ્યાપાર ખાતાની એક નવી જર્નાલિસ્ટ છે મિસ ગાર્ગી. સી સેઈઝ રાજવાની ઈઝ ક્રીટીકલ. ધીસ આર લાસ્ટ ઓફ રિયાચેબલ એમ્પાયર. એના મશીનરી ઈમ્પોર્ટ સ્કેન્ડલ, લાયસન્સીઝ સ્કેન્ડલ. બધું જ એ જાણે છે. ગવર્મેન્ટ હેવ ટુ ટેઈક એકશન. ઓવર એન્ડ એબોટ ધેટ. રાજવાણી ઈઝ બ્રીધીંગ હીઝ લાસ્ટ.

મુરલી : ધેન અનિકેત વીલ ટેઈક ઓવર. એન્ડ આઈ થીંગ અનિકેત ઈઝ મચ મોર ડેશીંગ ધેન હીઝ ફાધર.

જૈન : યસ. બટ આઈ વોન્ટ ટુ હીટ હાર્ટ ઓન ધીઝ પોઈન્ટ. અનિકેત ટેઈક ઓવર કરે તે પહેલાં આખા દેશમાંથી પ્રોકસીઓ ઉઘરાવી લઈશું અને એ દરમિયાન કોઈ એવા સમાચાર મળી જાય કે બજારમાં એની ધૂળ-ધાણી થઈ જાય. શેર હોલ્ડરોને કંપનીના ભવિષ્ય પરથી વિશ્વાસ ઊઠી જાય અને ગાર્ગી ઈઝ માય ચોઈસ. એવા સમાચાર લાવશે. (ડોરબેગ વાગે. બંને ચોંકે. જૈન બારણું ખોલે. ગાર્ગી દાખલ થાય.)

જૈન : ગાર્ગી તું ? અહીં ?

ગાર્ગી : ઈન્વેસ્ટીગેટીવ જર્નાલિસ્ટ છું. આખરે આપણી સમજૂતી થયા મુજબ રિલાયેબલ ચેપ્ટરની એકએક વાતથી આપણે એકબીજાને માહિતગાર રાખવાના છે. તમે આપણા એગ્રીમેન્ટનો ભંગ કર્યો અને મિ. મુરલી સાથે મારી જાણ બહાર આ મીટિંગ યોજી. મિ. જૈન ફ્રોમ ટુ ડે. ફ્રોમ ધીઝ મુમેન્ટ આઈ રિસાઈન. (જવા જાય.)

મુરલી : છોકરી (ગાર્ગી અટકે)

ગાર્ગી : આ કોઈ મુઝરા બજાર નથી મિ. મુરલી. કે એય છોકરી કરીને બોલાવો.

હેવ સમ મેનર્સ (જવા જાય)

મુરલી : સોરી. જૈન શું કહ્યું હતું આનું નામ. યસ. સોરી મિસ ગાર્ગી. અમે તમારી જ વાતો કરી રહ્યા હતા. મેં હમણાં મિ. જૈનને કહ્યું કે ફોન કરીને તમે અહીં બોલાવી લે. ડોન્ટ માઈન્ડ, હું તને તું કારે બોલાવું તો, તારા પિતાની ઉંમરનો છું.અધિકાર આપોઆપ લઈ લેઉં છું. એન્ડ કોન્ગ્રેચ્યુલેશન, યુ હેવ ડન એ માર્વલેસ જોબ.

ગાર્ગી : થેકસ. એની વે યુ મસ્ટ બી હેપીએસ્ટ મેન એરાઉન્ડ.

મુરલી : નોટ રીયલી હેપીએસ્ટ. આઈ વોન્ટ ટુ સી રિલાયેબલ ઈન્ડસ્ટ્રીઝ ટુ ઈટ્સ વર્સ્ટ.ગાર્ગી આ તો ઝબકાર છે. આગ લગાડી દે, આગ.

ગાર્ગી : આઈ કેન ડુ ધેટ. પણ હું વ્યકિત પર નહિ, સમસ્યા પર પ્રહાર કરવામાં માનું છું અને એનાથી કોને કેટલો ફાયદો કે કેટલું નુકસાન થશે એ જોવાનું કામ મારું નથી. મારી પાસે એવી કેટલીક નકકર માહિતીઓ છે કે જેને ન પ્રસિદ્ધ કરવાના મને મોં માંગ્યા દામ મળી શકે.

મુરલી : પ્રસિદ્ધ કરવાના હું બમણાં દઈશ.

ગાર્ગી : પત્રકારત્વને હું વ્યાપાર કે વ્યભિચારનું સાધન બનાવવા નથી માંગતી. મારો ધર્મ એટલો જ છે કે રિલાયેબલ હોય કે બોમ્બ લિવીંગ કે પછી કોઈ પણ કંપની. જો એ પોતાની સત્તાવિસ્તાર કે નાણાવિસ્તાર વધારવા દેશ કે દેશના કરોડો શેરહોલ્ડરોના હિતને નુકસાનકર્તા હોય તો મારે એને નજરઅંદાજ ન કરવી.

મુરલી : એકસેટ્લી. ટેલ મી, મિ. જનક

**સદ્ગત આજીબા શારદાબેન તથા આજાબાપા નટવરલાલ કસનજી દેસાઈ, એરૂ - કાંદિવલીના સ્મરણાર્થે**
**સ્મૃતિ સૌજન્ય :** (દોહિત્રી) બંસી અને કુંજન ધમડાચી - બોરીવલી, મુંબઈ

રાજવાણીને આ દેશમાં રેફ્યુજી તરીકે આવ્યાને કેટલા વર્ષ થયા હશે ?

ગાર્ગી : હું ભૂલતી ન હોઉં તો પંદર વર્ષ.

મુરલી : અને આજે એ એવી પરિસ્થિતિએ છે કે આખા દેશને રેફ્યુજી બનાવી શકે.

આટલી સત્તા નાણાની સત્તા આટલા ટૂંકા સમયમાં એણે કેવી રીતે મેળવી ?

ગાર્ગી : એ એની કાબેલિયત પણ હોઈ શકે.

મુરલી : આ દેશમાં બીજા ઘણા કાબેલ ઉદ્યોગપતિ હતા અને છે, જેમણે દેશ માટે મન મૂકીને નાણાં અને લોહી વહાવ્યું હોય. દેશના ઔદ્યોગિક વિકાસમાં પોતાની જિંદગી વહાવી દીધી હોય. એ લોકો નહિ ને આ શરણાર્થી તરીકે આવનાર એક મામૂલી ઈન્સાન દેશની નાણાંકીય પરિસ્થિતિનો શેષનાગ બની જાય ? એક એવો શેષનાગ કે એ સહેજ હાલે તો દેશની નાણાંકીય પરિસ્થિતિ ડામાડોળ થઈ જાય. ટેલ મી હાઉ ? હાઉ ?

ગાર્ગી : લોકશાહીમાં કાબેલ માણસો પોતાની કાબેલિયતથી આગળ આવતા હોય એમાં હું કશું વાંધાજનક જોતી નથી. રિલાયેબલ ઈન્ડસ્ટ્રીઝની પ્રગતિની શૈલી મને આજકાલ વાંધાજનક હોવાનું લાગી રહ્યું છે અને જો એ વાત સાચી હશે તો હું પણ મારું આક્રમણ શરૂ કરી દઈશ.

મુરલી : આપણા પ્રસિધ્ધ થયલા રિપોર્ટ પુરતાં ન હોય તો મને કહેવા દે, છોકરી.

હું અને રાજવાણી અંગત મિત્રો હતા. એટલે હું પણ જે કાંઈ કહું એમાં તથ્ય હશે. અફકોર્સ, મારી પાસે પુરાવાઓ નથી. પણ મારા સફેદ વાળ પર વિશ્વાસ હોય તો સાંભળ છોકરી. રાજવાણીને અનુકૂળનહોતા એવા નાણામંત્રીને ઉથલાવવાની કોન્સીરન્સીમાં મારો અને મારા નાણાંનો સહયોગ રાજવાણીએ વિશ્વાસપૂર્વક માગ્યો હતો. એનો મેં ઈનકાર કરતા, મારો એ ઈનકાર અમારી વચ્ચે દુશ્મનાવટ ઊભો કરી ગયો.

ગાર્ગી : આર યુ ટેલીંગ ટુથ ?

મુરલી : નથીંગ બટ ટુથ. એબ્સોલ્યુટ ટુથ.

ગાર્ગી : એગ્રીડ. આઈ ટ્રસ્ટ યુ. જુઓ, મારી પુરી ઓળખાણ આપું. મારા ફાધર ડૉ. ભાર્ગવ જનક રાજવાણીના અંગત મિત્ર અને ડોકટર છે અને મારા ફાધર મરી જાયતો રાજવાણીના વિરુધ્ધ એક હરફ પણ નહિ ઉચ્ચારે. બટ આઈ હેવ માય ઓન સોર્સ.

મુરલી : તું ડૉ. ભાર્ગવની દીકરી છે. અરે, કહેતી કેમ નથી ? તો, તો તું મારી પણ દીકરી થઈ. ભલે, ડૉ. ભાગર્વ રાજવાણી સાથે રહ્યા. પણ મને માન છે એમના માટે. બેસ્ટ ઓફ લક માય ડોટર.

જૈન : મિસ ગાર્ગી કાંઈક એવા સમાચાર લાવો કે હું જનક રાજવાણીનો પુત્ર અનિકેત રાજવાણી એમ.ડી. બને તે પહેલાં લોકોનો એના પરથી વિશ્વાસ ઉઠી જાય. એન્ડ યુ નો, ઈન્વેસ્ટીગેટીવ જર્નાલિઝમમાં તારું નામ સુવર્ણ અક્ષરે લખાશે. યુ વુડ ક્રિએટ એ હિસ્ટ્રી, ગાર્ગી.

ગાર્ગી : થેકસ

મુરલી : ઓલ ધ બેસ્ટ ડીયર. ચાલ, અહીં ઘણો સમય થઈ ગયો. આપણે જઈશું ?

જૈન : ગાર્ગીબેટા. રાજવાણી મારો પણ દુશ્મન છે.પરંતુ મારે તને એટલું જ કહેવાનું, ભલે આપણે પત્રકારો બીજા માનવીઓની જેમ બધી જ નબળાઈઓ ધરાવતા હોઈએ પણ પત્રકારત્વને

આપણે સ્વાર્થી ઉદ્યોગપતિઓની મહેફિલમાં નાચતી મુજરાવાળી જેવું તો ન જ બનાવીએ.

ગાગી : આઈ અન્ડરસ્ટેન્ડ, અંકલ. માફ કરજો આજે તમે મને પહેલીવાર દીકરી કહીને બોલાવી છે. એટલે મેં તમને સરને બદલે અંકલ ....

જૈન : આ દેશના સ્વાતંત્ર્યમાં મેં પણ મારું લોહી રેડયું છે.આ દેશ વડાપ્રધાનો, ઉદ્યોગપતિઓ, દાણચોરો કે ભ્રષ્ટ માણસોની એકલતાની જાગીર નથી. આ દેશ આપણો પણ છે. આપણો પણ છે આ દેશ. (ડોરબેલ વાગે. બધા ચમકે. ગાર્ગી બારણું ખોલે. અનિકેત અંદર ધસી આવે.)

જૈન : કોણ છો તમે ?

ગાર્ગી : હી ઈઝ અનિકેત રાજવાણી.

જૈન : હું એપોઈન્ટમેન્ટ વગર કોઈને મળતો નથી.

અનિકેત : કોન્સ્પરન્સી કરતા માણસોને રંગે હાથે પકડવા માટે એપોઈન્ટમેન્ટ નથી લેવાતી મિ. જૈન. તમારી અને આ અમારા દુશ્મનની મુલાકાતની વાતની મને જાણ થઈ ચૂકી હતી.

મુરલી : કોણે કહ્યું તને કે...

અનિકેત : રિલેકસ, મિ. મુરલી રિલેકસ. રિલાયેબલ ઈન્ડસ્ટ્રીઝની પોલીસી રહી છે કે દુશ્મનને ઊગતા જ ખતમ કરવો. ગમે તે ભોગે. ગમે તે હિસાબે અને હું તમારી સાથે વાત કરવા નથી માગતો. મારે મિ. જૈન સાથે વાત કરવી છે.

મુરલી : મને પણ તારી સાથે વાત કરવાનો શોખ નથી. મિ. જૈન. હું જાઉં છું. તમે ઓફિસ બંધ કરી દેજો. બાય.

જૈન : બોલો, શું કહેવું છે તમારે ?

અનિકેત : લેટ મી ટોક સ્ટ્રેઈક. (ગાર્ગીને જતા રોકતાં) મિસ ગાર્ગી થોભો. મારે તમારી જ ફરિયાદ કરવાની છે.

ગાર્ગી : મારી ગેરહાજરીમાં એ તમને વધુ ફાવશે.

અનિકેત : પાછળથી ઘા કરવામાં હું માનતો નથી.

ગાર્ગી : ધેન શૂટ.

અનિકેત : મિ. જૈન. તમારા વર્તમાનપત્રમાં મારા ફાધર જનક રાજવાણી વિશે છપાયેલા સમાચારો બેજવાબદાર છે. વાહિયાત છે.

ગાર્ગી : ભલે એ અટકળ હોય, પણ એ પાયા વિનાના નથી.

અનિકેત : પણ મિ. જૈન. આ અટકળોની સચ્ચાઈ આપ રિયાયેબલ હાઉસમાં કન્ફર્મ કરી શકયા હોત. આપના જેવા પીઢ, સંન્નિષ્ઠ પત્રકાર આવા બેજવાબદાર ?

જૈન : આઈ ટ્રસ્ટ માય જર્નાલિસ્ટ મોર ધેન એની રિલાયેબલ હાઉસ.

અનિકેત : મિ. રાજવાણીના અંગત ડૉકટરની પુત્રી હોવાથી અટકળો સમાચાર નથી બનતા મિ. જૈન.

ગાર્ગી : ઈફ આઈ એમ રોંક, વ્હાઈ કાન્ટ યુ સ્યુ અસ.

જૈન : ગાર્ગી, એક મિનિટ. યસ મિ. અનિકેત તમે કહેવા શું માંગો છો ?

અનિકેત : મારો અહીં આવવાનો આશય એ જ છે કે આ સમાચાર ખોટા છે. એમ તમે પ્રસિદ્ધ કરો અને ખોટા સમાચાર પ્રગટ કરવા બદલ દીલગીર જાહેર કરો.

**સદ્‌ગત માતૃશ્રી મધુબેન, પિતાશ્રી અંબેલાલ દયાળજી નાયક સુલતાનપુર હાલ અમદાવાદના સ્મરણાર્થે**
**સ્મૃતિ સૌજન્ય :** નીલાબેન નાયક હરિયા હાલ જર્મની

જૈન : તમે તમારું નિવેદન આપી જાવ અમે વિચારીશું.

અનિકેત : વિચારીશું એટલે ? તમારા એક ખોટા સમાચાર રિલાયેબલ ઈન્ડસ્ટ્રીઝને નુકસાન પહોંચાડી શકે છે.

જૈન : અને આપ એક સાચા સમાચાર છુપાવો તો કરોડો માનવીઓને નુકસાન થઈ શકે છે.

અનિકેત : હું પણ એ જ કહું છું. આઈ ડોન્ટ કેર ફોર અવર પર્સનલ લોસ. રિલાયએબલ ઈન્ડસ્ટ્રીઝના ૫૦ લાખથી વધુ શેરહોલ્ડરો છે. પચાસ લાખ શેર હોલ્ડરો એટલે પસાસ લાખ કુટુંબ. લગભગ બે કરોડ માનવીની નાણાકીય પરિસ્થિતિ પર સીધી અસર કરે છે. તમારું બેજવાબદાર પત્રકારત્વ ગભરાટમાં, અફવાઓથી સામાન્ય માનવીઓ ધડોધડ શેર ખોટ ખાઈને વેચવા માંડે અને થોડા ધનવાનો એને પાણીના ભાવે ખરીદી લે . રિલાયેબલની સૌથી વધુ લોકોને નફાનો વહેંચણી કરવાની સમાજવાદી નીતિ અહીં મુંઝાય છે, મિ. જૈન.

ગાર્ગી : હમણાં તો થોડી ખોટ ખાઈને બચી જતાં સામાન્ય શેરહોલ્ડરોને બિલકુલ લખી વાળવું પડે એવી સ્થિતિ આવી જાય એ માટે અમે જાગૃત કરીએ, એ કરોડો માનવીના હિત સામે મારા પિતા તમારા કેટલા વફાદાર છે એ મારા માટે ગૌણ છે.

અનિકેત : આઈ એપ્રિસિયેટ ધેટ. બટ પ્લીઝ, ફોર ગોડ સેક ડુ નોટ બી ઈરરીસ્પોન્સીબલ અપ ટુ ધીઝ એકસટેન્ટ. રિલાયેબલ ઈન્ડસ્ટ્રીઝ ઈઝ ફાઈન. હેલ્થી એન્ડ ધેર ઈઝ નો પ્રોબ્લેમ.

જૈન : તો શું તમે એમ કહી શકો કે મિ. જનક રાજવાણી એકદમ સ્વસ્થ છે ? એ ટ્રીટમેન્ટ માટે પરદેશ નથી ગયા ?

અનિકેત : અફકોર્સ મિ. જનક રાજવાણી માંદા હતા. પરંતુ રિપોર્ટ પ્રમાણે એને હાર્ટ ટ્રબલ નથી અને પરદેશી ટ્રીટમેન્ટ માટે નહિ. વિદેશી કંપની સાથે કોલાબ્રેશનની વાત માટે ગયા છે ?

ગાર્ગી : પણ કોલાબ્રેશનની વાતચીત યુ.એસ.એ., જાપાન કે જર્મની કેમ નહિ ? સ્વિસ જ કેમ ? આખી દુનિયાના કાળાં નાણાંના ગુપ્ત ખાતા રાખતી સ્વિઝ બેન્કની બ્રાન્ચીસ ભારતમાં ખોલવાના કોલાબ્રેશનની વાતો કરવા તો સ્વિસમાં નથી ગયા ને ?

અનિકેત : મિસ ગાર્ગી, તમારી કલ્પનાશકિત ને નર્કશકિતની મને ખરેખર દયા આવે છે. ઈન્વેસ્ટીગેટીવ, જર્નાલિઝમ, ફિલ્મી જર્નાલિઝમ જેવી ગોસીપ જર્નાલિઝમ નથી કે અંગુઠા પરથી રાક્ષણ ચીતરી દેવાય.

ગાર્ગી : તમારે પત્રકારના પાઠ અમને આપવાની જરૂર નથી. વી નો અવર ડયુટી.

અનિકેત : ઈઝ ઈટ ? આર યુ એ રિયલી અ ઈન્વેસ્ટીગેટીવ જર્નાલિસ્ટ ?

ગાર્ગી : તો સાંભળો, અનિકેત રાજવાણી. હું સાબિત કરી આપું. રિલાયેબરાઈન્ડસ્ટ્રીઝની હરણફાળમાં તમારો ફાળો છે।

અનિકેત : દેશ આખો જાણે છે ?

ગાર્ગી : દેશ આખો જાણે જો કે તમારા નામે તમારી કંપનીનો એક પણ શેર નથી, તમારું સ્ટેટસ એનઆરઆઈનું છે, અને યુ.એસ,એ.ના સીટીઝન છો.

અનિકેત : અધૂરી છે તમારી જાણકારી એ બે વર્ષ પહેલાંની વાતો થઈ. મેં ફરી ભારતના સામાન્ય નાગરિક વગેરે માટેની અરજી કરી દીધી છે.

ગાર્ગી : ઓ.કે. ફાઈન . બટ ઈવેન ધેન યુ કેન નોટ બી ઓન રિલાયેબલ બોડ ? એમ.ડી. થવાની તો વાત જ ભૂલી જાવ.

અનિકેત : મારા ફાધર. જનક રાજવાણી બધા નિર્ણયો આપને પૂછીને લેતા લાગે છે .

ગાર્ગી : ના, તમારા ફાધર મને પૂછીને ભલે નિર્ણયો ને લેતા હોય. પણ એના બધા નિર્ણયો મને ખબર છે તમારે નામે રિલાયેબલના એક શેર તો નથી. પરંતુ મિ. જનક રાજવાણીએ એના વીલમાંથી તમને એક ત્રાહિતની જેમ સદતર બાકાત રાખ્યા છે અને એના કારણમાં લખ્યું છે કે તમે એના પુત્ર નથી.

અનિકેત : વોટ નોનસેન્સ, ધીઝ ઈઝ હાઈટ ઓફ એવરીથીંગ.

ગાર્ગી : ધીસ યુ કેન કન્ફર્મ, યોર મધર. આ અહેવાલ હું પ્રેસમાં મોકલું છું. આ ખોટું હોય તો મને કહેજો. છપાયેલી બધી પ્રતો હું ખેંચી લઈશ. હા, પ્રેસમાંથી બહાર ગયા પછી હું કંઈ ન કરી શકું. પણ એનો તો સમય છે. ઈઝ ધેલ ઓલ ?

અનિકેત : વોટ નોનસેન્સ.

ગાર્ગી : તમે કન્ફર્મ કર્યા પછી તમારી 'ના' નો ફોન આવશે તો બધી પ્રતો બહાર નહિ જવા દઉં. ઓ.કે.

અનિકેત : ઓ.કે. પણ આ વાતો ખોટી નીકળી તો આઈ વુડ નોટ સ્પેર યુ.

ગાર્ગી : એગ્રીડ. (અનિકેત જાય છે.)

(સ્ટેજ પર અંધકાર છવાય અને મિસિસિ રાજવાણીનો અવાજ સંભળાય...

અનિકેત, દીકરા ગાર્ગીની વાત સાચી છે. તારા ડેડી નખશુખ સજ્જન હતા પણ પિતૃત્વ પ્રાપ્ત કરી શકે તેમ નહોતા. છતાં મારી સંતાન પ્રાપ્તિની અત્યંત તીવ્ર ઝંખનાને વશ થઈ ડૉ. ભાર્ગવની સલાહ લઈ એમણે મને કૃત્રિમ ગર્ભધારણની મરમિશન આપી. તારા એજયુકેશન, એકસપીરીયન્સ અને પ્રોગ્રેસમાં આટલો રસ લેવા છતાં તું એમનો પુત્ર નથી એ અહેસાસમાંથી કયારેય બહાર નહોતા આવી શકયા. તારું પરપુરુષના બીજનું ફળ હોવું એ અમારા નિર્ભેળ પ્રેમના ચંદ્રમાં એક ડાઘ જ બની રહ્યું. પણ એઝ હી વોઝ એ રિઅલ જેન્ટલમેન. એમણે જે જીરવી જાણ્યું, તેમ છતાં ટેસ્ટ ટ્યુબમાં પાંગરેલું એ બીજ. એમના અંતરમાં એક વટવૃક્ષ બની રહ્યું. જીવન અંતે એમણે તને તરછોડયો. એ એમની પુરુષ પ્રકૃતિનો આખરી વિજય હતો.)

(ધીમે ધીમે પથરાતાં પ્રકાશમાં તખ્તાની આગલા મધ્ય ભાગમાં મિસિસ રાજવાણી અને ડૉ. ભાર્ગવ દ્રશ્યમાન થાય.)

ડૉ. ભાર્ગવ : મિસિસ રાજવાણી, અનિકેત પપ્પાના અવસાનથી મને ખરેખર ખૂબ જ દુઃખ થયું છે. (મિસિસ રાજવાણી મૌન રહે છે.) મારી દીકરી ગાર્ગીના કૃત્યથી તમને જરૂર આઘાત લાગ્યો હશે. એ બદલ ગાર્ગી વતી હું આપની ક્ષમા માંગું છું.

મિસિસ રાજવાણી : આપનો દોષ નથી ડૉ. ભાર્ગવ. પરંતુ અનિકેતની એના પિતાનું નામ જાણવાની પ્યાસ પળ પળ પ્રબળ બનતી જાય છે. હું શું જવાબ આપું

**સદ્‌ગત ધર્મપત્ની અં.સૌ. મણિબેન મગનલાલ નાયકના સ્મરણાર્થે**
**સ્મૃતિ સૌજન્ય :** પતિશ્રી મગનલાલ નાથુભાઈ નાયક - વાસણ, તા. ગણદેવી

અને ડૉકટર ? એના પિતાનું નામ તો મને જ ખબર નથી.

ડૉ. ભાર્ગવ : એનો જન્મ કેવી રીતે થયો એની સંપૂર્ણ વાત તમે એને કરી ?

મિસિસ રાજવાણી : હા, ડોકટર. પરંતુ મારી દરેક વાતોનો અંત એના એક જ પ્રશ્નથી આવે છે. મારા પિતાનું નામ શું છે ? એનો જવાબ તમે એને આપી શકો ?

ડૉ. ભાર્ગવ : યુ નો ધેટ ઈઝ ઈમ્પોસિબલ.

મિસિસ રાજવાણી : પણ અનિકેત ખૂબ જ જિદી છે. ડોકટર, મારી સંતાન લાલસા ને વિજ્ઞાનને સહારે પીરપૂર્ણ કરી તમે મારા પર પહેલો ઉમકારા કર્યો હતો. હવે બીજો એક ઉપકાર ન કરો ? અનિકેતને સમજાવી લો. મારે એને ગુમાવવો નથી. હવે એ જ મારું સર્વસ્વ છે.

ડૉ. ભાર્ગવ : ઓ.કે. આઈ વીલ ટ્રાય માય બેસ્ટ. (ઊભા થતાં) પણ ગાર્ગીની ભૂલ બદલ...

મિસિસ રાજવાણી : ધેટ્સ ઓલ રાઈટ, ડો. ભાર્ગવ. (અંધકાર)

ગાર્ગી : હું એક ઈન્વેસ્ટીગેટીવ જર્નાલિસ્ટ છું, પપ્પા, મેં મારો ધર્મ બજાવ્યો છે.

ડો. ભાર્ગવ : પણ અન્યના ધર્મને નામશેષ કરી પોતાના ધર્મની ધજા ન ફરકાવાય. રિલાયેબલ ઈન્ડસ્ટ્રીઝની કોઈપણ વાત તે છાપી હોત તો મને વાંધો નહોતો. પણ લક્ષ સિદ્ધ કરવાના આવેશમાં તે માનવતાના મૂલ્યો વીંધી નાખ્યા છે. એક જાહેર વ્યકિતની અત્યંત ખાનગી વાતને ચર્ચાસ્પદ બનાવવી એ જ શું પત્રકારત્વ છે ? આમ કરી તેપત્રકારત્વને પીળાશ બક્ષી દીધી બેટા. ઘેરી ઉંડી પીળાશ.

ગાર્ગી : પપ્પા, તમે આટલા બધા નારાજ થઈ ગયા ?

ડો. ભાર્ગવ : મારી અત્યંત બુદ્ધિશાળી બેટી, તારી આગાહીઓ સાચી ઠરે ત્યાં સુધી થોભવાની મારી પાસે ધીરજ નહોતી ?

ગાર્ગી : આઈ એમ સોરી, પપ્પા.

(ડોરબેલ વાગે. ગાર્ગી ખોલે, અનિકેત પ્રવેશે.)

અનિકેત : સો, ગાર્ગી આર યુ હેપ્પી નાવ ?

ગાર્ગી : અનિકેત, હું...

અનિકેત : લાખો લોકોના નાણકીય હિતને બચાવવાના અંચળા હેઠળ તારી પ્રસિધ્ધિની ભૂખ સંતોષી લીધી ગાર્ગી ? રિલાયેબલ ઈન્ડસ્ટ્રીઝના શેરના ભાવ કયારેય નહોતા એટલા નીચા, જેટલા આજે છે. કોન્ગ્રેચ્યુલેશન ફોર યોર ગ્રાન્ડ સકસેસ અને આજે જ તું ભારત વર્ષની મશહૂર પત્રકાર પણ બની ગઈ છે.બટ એટ વોટ કોસ્ટ, ગાર્ગી ? અસંખ્ય નિર્દોષ શેર હોલ્ડરોએ ભોગવેલી ખોટમાંથી પ્રગટતા નૈરાષ્ય અને નિશ્વાસોના પાયા પર ચણેલી પ્રસિદ્ધિની તારી આ ઈમારતનું મૂલ્ય કેટલું ? કયાં સુધી ટકશે એ ?

ગાર્ગી આઈ એમ સોરી અનિકેત, આસ્ક ઓલ લેટ આઈ હેવ રિઅલાઈઝ્ડ ધેટ....

અનિકેત : આ તો જાહેર પાયમાલની વાતો થઈ. એ તો સરભર કરી શકાય. પણ મારી અંગત પાયમાલીનું શું ? મને તો મૂળમાંથી ઉખેડી નાખ્યો. એવો તો ઉખેડી નાખ્યો કે મારા સમગ્ર અસ્તિત્વનો આધાર જ ખોવાઈ ગયો. એક ત્રિશંકુ બનાવી દીધો છે તેં મને. રિલાયેબલ ઈન્ડસ્ટ્રીઝના પ્રોગ્રેસ માટેની હરણફાળ ભરતા અનિકેતને તે અહેસાસ કરાવ્યો છે કે તે તો હરણાની પ્યાસ લઈને દોડતો

**સદ્ગત માતૃશ્રી અ.સૌ. વિરૂમતિ તથા પિતાશ્રી બળવંતભાઈ ભીમભાઈ દેસાઈ, અટક પારડી-વલસાડના સ્મરણાર્થે**
**સ્મૃતિ સૌજન્ય :** શ્રીમતિ નીલા અને હરેન્દ્ર બળવંતરાય દેસાઈ, વલસાડ

હતો.

ગાગી : આઈ એમ રિઅલી સોરી, અનિકેત, મને માફ નહિ કરો।

અનિકેત : તમારા જેવા પ્રખર પત્રકારને માફ કરવાની એક બેનમ ઈન્સાનની હેસિયત કેટલી ?

ગાર્ગી : અનિકેત....

અનિકેત : ઉલટો મારે તો આભાર માનવો જોઈએ, મારા જીવનનું સત્ય બહાર લાવવા બદલ.

ડૉ. ભાર્ગવ : અનિકેત, દીકરા જરા શાંત થા. ગાર્ગી બેટા, અંદરથી પાણી મોકલ અને ચાની વ્યવસ્થા કર.

અનિકેત : થેંક્સ. મારે જરૂર નથી. મારી પ્યાસ હવે કોઈ જળથી નહિ બુઝાય. હું તમને જ મળવા આવ્યો છું. માફ કરજો એપોઈન્ટમેન્ટ ન લઈ શકયો.

ડૉ. ભાર્ગવ : કેવી વાત કરે છે બેટા ? આ તારું જ ઘર છે. અરે, મને બોલાવી લીધે હોત તો પણ ચાલતે.

અનિકેત : હવે હું અનિકેત છું. ફકત અનિકેત. એક મામૂલી ઈન્સાન

ડૉ. ભાર્ગવ : એમ ન બોલાય બેટા. બોલ મારું શું કામ પડયું ?

અનિકેત : સર્વશકિતમાન ઈશ્વર એક કંગાળ ભકતની બધી પરિસ્થિતિથી વાકેફ હોવા છતાં મંદ મંદ સ્મિત સાથે આવીને પૂછે છે કે બોલ, મારું શું કામ પડયું ? તો એ કેવું લાગે ?

ડૉ. ભાર્ગવ : પણ હું ઈશ્વર નથી.

અનિકેત : તમારી વૈજ્ઞાનિક સિદ્ધિથી તમે એક કાચની નલીકામાં માનવીનું સર્જન કરી દો છો નહિ ? ઈફ યુ આર નોટ ગોડ, બટ એટ લીસ્ટ યુ આર સેમી ગોડ.

ડૉ. ભાર્ગવ : તું કહેવા શું માંગે છે ?

અનિકેત : પણ ડૉકટર, તમે સેમી ગોડ તો બન્યા પણ તમારું વિજ્ઞાન એક વાન ચૂકી ગયું.

ગાર્ગી : (પ્રવેશતાં) અને તે....

અનિકેત : સર્જનની પ્રાર્થના સાંભળવાનું એની કાળજી રાખવાનું. ડૉ. ભાર્ગવ. તમારી વૈજ્ઞાનિક સિદ્ધિનું સર્જન હું છું. તમે મારા દેવ છો. તો મારી પ્રાર્થના સાંભળો. મારી મૂળની, મારા બીજને મને ઓળખ આપો. મારા પિતાનું નામ કહો. મારા પાલક પિતાએ તો જીવનના અંતે પિતૃત્વનો ઈનકાર કરી દીધો. પિતા તો બધાના મરે છે. પણ નામ નથી મરતું. પણ મારી બાબતમાં તો પિતાની સાથે પિતાનું નામ પણ અવસાન પામ્યું. મારા નામની પાછળ હવે હું કોનું નામ મૂકીશ ?

ડૉ. ભાર્ગવ : સોરી, અનિકેત. હું પોતે પણ નામ નથી જાણતો. સ્પર્મ બેન્કમાંના વીર્યની પસંદગી અમે રેન્ડમ-મેથડથી કરીએ છીએ. મને પણ ખબર નથી કે...

ગાર્ગી : તમારા ચાર શકય પિતાના નામ આપી શકીશ. સ્પર્મ બેન્કના એ જિનિયસ ડોનર્સના નામ મેં મેળવી લીધા છે.

ડૉ. ભાર્ગવ : ગાર્ગી, હું કહું છું કે હું પણ નથી જાણતો ત્યારે તું વધુ મુઝવણો શા માટે ઊભી કરે છે ? ડોનર્સની કોઈ જવાબદારી ઊભી થતી નથી. કોઈને કોઈ કારણોસર એ લોકો પોતાનું નામ જાહેર કરવાનું નહિ ઈચ્છે.

અનિકેત : એકઝેટલી. તો પછી મારી સામાજિક, નૈતિક, ભાવનારૂપ, આર્થિક જવાબદારી કોની ? મારી અનાથતા માટે જવાબદાર કોણ ? કોઈ દગાબાજ પુરુષ પોતાનાથી રહેલા ગર્ભની જવાબદારીમાંથી છટકી જાય તેમ તમારું વિજ્ઞાન પણ કોઈ જવાબદારી લેવા તૈયાર ન થાય તો એ બેમાં ફેર શો ?

ગાર્ગી : હું પણ જવાબદારી સમજું છું

અનિકેત, મેં તમને દુ:ખી કર્યા છે, તો તમને સુખી કરવાના એક તક મને નહિ આપો ?

અનિકેત : એટલે ?

ગાર્ગી : જીવનભર તમારી સંગિની બની તમને સતત સુખી કરવાની મારી ઈચ્છા છે.

અનિકેત : સહાનુભૂતિ માટે આભાર.

ગાર્ગી : આ સહાનુભૂતિ નથી. હું સભાન થઈ ત્યારથી તમને જોતી આવી છું. પણ તમારી ઉંચાઈ અને સામાજિક દરરજાને લીધે હું મારી લાગણી વ્યકત કરવાની હિંમત નહોતી કરી શકી. તમે એવા પુરુષ છો જેની સામે મેં મારી જાતને ઓગળતી અનુભવી છે. પણ તાને પ્રાપ્ત કરવાની અશકયતાએ મને ઈર્ષ્યાભર્યા આવેશમાં આક્રમક બનાવી દીધી હતી. હું તમને ચાહુ છું, અનિકેત.

ડૉ. ભાર્ગવ : નો, ગાર્ગી ઈઝ ઈઝ નોટ પોસિબલ.

અનિકેત : ડિસ્ટર્બ ન થાવ, ડોકટર, મેં કયાં હા પાડી છે ?

ગાર્ગી : પપ્પા, કેમ પોસિબલ નથી. અનિકેત ના પાડે તો હું મારા જીવનનો અંત લાવીશ. આ મારો અફર નિર્ણય છે.

ડૉ. ભાર્ગવ : તારો અફર નિર્ણય તારે ફેરવવો પડશે, ગાર્ગી. તારે તારા પિતાનું નામ જાણવું છે અનિકેત ? તારા પિતાનું નામ છે ડૉ. ભાર્ગવ. ગાર્ગી તારી બહેન છે. મેં મારા સ્પર્મને વિકસાવી,,,

ગાર્ગી : નો

અનિકેત : બસ, મારે વધુ સાંભળવું નથી.

(સમાપ્ત)

(નાટકની ભજવણી પહેલાં લેખકની સંમતિ લેવી જરૂરી છે.) ■

પાના નં. ૨૫ થી ચાલુ

ગયો તોપણ હજી છત્રી સંધાવાનું મૂરત નીકળ્યું નથી ! હું તો રોજ રાહ જોઉં છું કે, કયારે એ શુભ ઘડી આવે જયારે હું ફાટેલી છત્રી લઈને નીકળું ! મને જોકે, ઘરમાંથી રોજ જ કોઈ ને કોઈ તો ટોકે જ કે 'તારી છત્રી સંધાવી લે ને. અમે કોઈ ન હોઈએ તે તારે ઘરની બહાર જવું હોય તો શું કરશે?' મારી આંખમાં ઝળઝળિયાં આવી જાય, 'બધાંને મારી કેટલી કાળજી છે ? હું તરત જ મનમાં ગાંઠ વાળું, 'કાલે સવારે જ બજાર જઈને છત્રી સંધાવી લાવું'

ત્યાં બીજું કોઈ બોલે, 'છત્રી રિપેર કરાવતાં કેટલા દિવસ કાઢી નાંખ્યા ? અમારી છત્રી કોઈ દિવસ બગડે કે કશે રહી જાય તો તારી છત્રી કામ આવે કે નહીં ? તારે તો કશે જવાનું છે નહીં. અમારા ખાતર તો છત્રી સંધાવી મૂક.' હવે મારી આંખમાં દુ:ખનાં ઝળઝળિયાં આવી જાય, 'અરેરે ! મારી ને મારી છત્રીની આ જ કિંમત ? હવે તો છત્રી સંધાવવી જ નથી. છત્રી સંધાવે એ બીજા. હું તૂટેલી-ફાટેલી છત્રી લઈને ઘરમાં બેસી રહીશ પણ છત્રી તો નહીં જ સંધાવું.'

આમ આ ચોમાસાની શરૂઆતમાં જ મારી છત્રી સંધાવવાની વેળા આવતાં-આવતાં રહી ગઈ. મેં તો માંડી જ વાળેલું છત્રી સંધાવવાનું પણ...

પણ એવામા બાજુવાળાં બહેન આવી ચડયાં. 'તમારી છત્રી હોય તો આપો ને. હમણા વરસાદ પડે એવું લાગે છે ને મારે ખાસ કામથી બેંકમાં જવું છે. સાથે-સાથે મારી છત્રી પણ સંધાવતી આવું. તમારી પાસે કયાં પાછી માંગવી ? હમણાં તમે કશે જવાનાં તો નથી ને ? એ બહેન બહુ ઉતાવળમાં લાગ્યાં.

મને તે મરવા જેવું લાગ્યું. અરેરે ! અણીના સમયે મુશ્કેલીના સમયે જ હું પાડોશણને કામ નહીં

પાના નં. ૨૪ ઉપર

# કલ્પના દેસાઈ

આખું નામ : કલ્પના જિતેન્દ્ર દેસાઈ
જન્મ તારીખ : ૧૩-૦૬-૧૯૫૩
જન્મ સ્થળ : મૂળ વતન : ચીખલી (જિ. નવસારી)
માતાનું નામ : કુમુદબહેન
પિતાનું નામ : ભીમભાઈ છોટુભાઈ દેસાઈ
પિયરનું ગામ : ચીખલી
સાસરું : ઉચ્છલ-નવાપુર
અભ્યાસ : બી.એસસી
વ્યવસાય : ગૃહિણી
સરનામુ : 'ગુલમહોર' મુ.પો. ઉચ્છલ, જિ. તાપી પીન-૩૯૪ ૩૭૫
સંપર્ક : (૦૨૬૨૮) ૨૩૧૧૨૩, મો. ૯૯૦૯૪ ૨૮૧૯૯
ઈ મેઈલ : kalpanadesaiin@gmail.com
વિશેષ માહિતી : ૨૦૦૦ની સાલથી ગુજરાતી સામયિકોમાં હાસ્યલેખન

વિવિધ અખબારોમાં હાસ્યકટાર ચલાવે છે. ગુજરાત ગાર્ડિયન માં દર ગુરૂવારે 'ટકીનો હાસ્યમિશ્રિત પ્રવાસ' તથા દર રવિવારે 'દુનિયા કી સેર' ઉપરાંત khabarchhe.com પર ટૂંકી વાર્તાની કોલમ ચલાવે છે. સિંગાપોર, કેરળ અને ટર્કીની પ્રવાસકથાઓ લખી છે.

પુસ્તકો : (૧) 'લપ્પન છપ્પન' (હાસ્ય નિબંધો) ૨૦૦૬

(૨) હાસ્યાત્ સદા મંગલમ્ (હાસ્યલેખો) ૨૦૧૦

(૩) 'ચાલતાં ચાલતાં' સિંગાપોર (બે આવૃત્તિ) ૨૦૧૦-૨૦૧૨ ગુજ. સા. પરિષદનું જયોતિન્દ્ર દવે પારિતોષિક (૨૦૧૨)

(૪) 'પંચ ત્યાં પરમેશ્વર' (૨૦૧૩) (૫) 'પંદરમું રતન' (૨૦૧૫)

બ્લોગ લેખન : (હાસ્ય લેખનો)
kalpanadesai_inblogspot.in
ફેસબુક પેજ :
https//www.facebook.com/priofilephpid-10000418246

પારિતોષિકો : 'રંગવ્યંગ-છોડો વ્યસન સંગ' પુસ્તિકાને (કેન્સર રિસર્ચ સોસા. તરફથી બહાર પડેલી) ગુજ. ના રાજયપાલ તરફથી સન્માનપત્ર/સ્મૃતિચિહ્ન (૨૦૦૬) સાહિત્યક્ષેત્ર પ્રદાન બદલ ગુજ. રાજયના મુ.મંત્રી/રાજયપાલ તરફથી સન્માન પત્ર (૨૦૦૮) સમાજસેવા / સાહિત્યલેખન બદલ મહિલા સંમેલનમાં મુ. મંત્રી આનંદીબહેન તરફથી સન્માનપત્ર (૨૦૦૯)

'પંજો' હાસ્યલેખન ડૉ. એની સરૈયા નિબંધ લેખન પારિતોષિક (૨૦૦૮) ■

---

પાના નં. ૨૩ થી ચાલુ

આવી શકું ? એક ફાટેલી છત્રીને કારણે ? ફટ છે મને. હવે ? શું કારણ બતાવું ? કયું બહાનું કાઢું ? પાડોશમાં જ રહે એટલે બધી જ ખબર કે, બધા રોજ છત્રીલઈને જ નીકળે - ભૂલ્યા વગર. મેં જ જણાવેલું, તો ? કામવાળી ! હા, કામવાળીનું જ બહાનુ કાઢું. કળીએ-કળીએ કપાતા જીવ સાથે મેં કહ્યું,

'તમને હું છત્રી ચોકકસ આપતે પણ આજે મારી છત્રી મારી કામવાળી લઈ ગઈ છે, એની છત્રી સંઘાવવાની રહી ગઈ છે એટલે. સોરી. એટલું બોલતાં તો મારું ગળું પણ સુકાઈ ગયું. (બસ બહુ થયું. હવે તો કાલે પહેલું કામ છત્રી સંઘાવાનું જ. બીજું કંઈ નહીં.) ■

# કલ્પના દેસાઈના પુસ્તક 'પંદરમું રતન' માંથી હાસ્યલેખો

**છત્રી સંધાવવાની વેળા**

આપણું જીવન અજબ છે ! એમાં સમયે સમયે ઋતુ પ્રમાણે, ઉંમર પ્રમાણે, કામ પ્રમાણે ને વગર કંઈ પ્રમાણે પણ જાતજાતની વેળા આવતી રહે. આ 'વેળા' શબ્દ તો વાતચીતમાંય કેવો ગૂંથાઈ ગયો છે. 'સવારની વેળા થઈ.' 'ચા-નાસ્તાની વેળા થઈ.' 'જમવાની વેળાએ ટીવી બંધ રાખતા હો તો ?' આ વળી રાતની વેળાએ આવવા કોણ નવરું પડયું ?' વગેરે. તેમાંય 'કામની વેળા' ને આરામની 'આરામની વેળા' તો પાછી અલગ. હમણાં 'છત્રીવેળા' ચાલે છે !

કારણ કે, ચોમાસાની ઋતુ આવે એટલે પહેલી તૈયારી છત્રીની કરવાની આવે. આખા વરસમાં અમુક જ ખાસ દિવસોમાં વપરાતી હોવા છતાં છત્રી એટલી તો જડબેસલાક રીતે મગજમાં ભરાઈ ગઈ હોય ને કે, દર ચોમાસે નવી છત્રી લેવી ન પડે એટલે આગલા વરસની છત્રીને યાદ કરાય. એ છત્રી કે છત્રીઓનું વિગતે વર્ણન પણ કરાય. બધાના ઘરમાં કંઈ ડઝનના હિસાબે છત્રીઓ ન હોય એટલે દરેકને પોતાની છત્રી બરાબર યાદ હોય. કયો તાર વાંકો વળી ગયો છે કે કયા તાર સાથે કપડાની લેણાદેણી નથી ને ત્યાંથી કપડાની સિલાઈ કરાવવાની બાકી જ રહી ગઈ છે, કઈ છત્રીના હાથામાંથી બટન બરાબર કામ નથી આપતું કે કઈ છત્રીનો હાથો તરડાઈ ગયો છે, વગેરે... જેવી સઘળી બારીકી દરેકના મનમાં કોતરાઈ ગઈ હોય. બીજે વર્ષે પણ આબેહૂબ એ જ વર્ણન મુજબની છત્રી નીકળે !

છત્રીએ વર્ષોથી પોતાનો ભાવ જાળવી રાખ્યો છે. બહુ ધીમા ભાવવધારા સાથે હજીય એ આમજનતાને પોસાય એવા ભાવે પણ મળી રહે છે. કેવી નવાઈની વાત કહેવાય કે, 'યુઝ એન્ડ થ્રો' ના જમાનામાં હજીય આપણે દર વર્ષે નવી છત્રી લેતાં નથી ! ચાલે ત્યાં સુધી એટલે કે, કરકસરની છેલ્લી હદ સુધી આપણે છત્રી - એજ જ છત્રી ચલાવ્યે રાખીએ છીએ. ચોમાસું પૂરું થાય એટલે એમ નહીં કે ફેંકી દઈએ 'આવતે વર્ષે નવી લઈશું.' એવો તો વિચાર પણ આપણા મગજમાં ન આવે !

કોઈ વાર જો છત્રીનો હાથો તૂટી જાય તો આપણે નવો હાથો નંખાવી દઈએ. ઓટોમેટિક છત્રીનું બટન કે સ્પ્રિંગ બગડી જાય તો મગજની સ્પ્રિંગ છટકાવ્યા વગર તરત રિપેર કરાવી લઈએ. વરસાદમાં ભીંજાવાનું. માંદા પડવાનું, બીજાની છત્રી કે લિફ્ટ વારંવાર માંગવાનું આપણા માટે તેમ જ બીજા માટે સારું નથી. આપણે તો છત્રીનું આખેઆખું કવર એટલે કે કપડું પણ બદલાવવા જેવું લાગે તો તવું નંખાવી લઈએ પણ છત્રી તો એ જ વાપરવાની ! આ બધી કસર કરવામાં એક જ ગણતરી હોય કે 'નવી છત્રી કયાં લેવાની? જો પચાસ-સાઠરૂપિયામાં કામ પતી જતું હોય તો નકકામો ખર્ચો કરવાનો.' જાણે કે , છત્રી હજાર-બે હજારની આવતી હોય !

ખેર, આ વર્ષે મારે મારી છત્રી સંધાવવી પડવાની છે ને મને કોઈ ગમે તેવું ભાષણ, છત્રીને લઈને આપી જાય તે મંજૂર નથી. એટલે આટલી લાંબીલાંબી પ્રસ્તાવના પછી મૂળ વાત પર આવું કે, મારે છત્રી સંધાવવી છે પણ જુલાઈ મહિનો શરૂ થઈ

પાના નં. ૨૩ ઉપર

# તમને મળીને આનંદ થયો

મને યાદ છે ત્યાં સુધી ગુજરાતીઓમાં, કોઈને મળવાની કોઈને આનંદ થતો હોય તોપણ આવું બોલવાનો - આવું એટલે કે 'તમને મળીને બૌ આનંદ થયો' એ જ - રિવાજ નહોતો. લાગે છે કે હિન્દી કે અંગ્રેજી ભષામાંથી ઉઠાવેલાં વાકયોનું બેઠું ગુજરાતી કરીને આપણે પણ બોલતાં થઈ ગયાં ! આવું બધું આપણે બોલતાં તો બોલી નાંખીએ પણ પેલો આનંદનો અતિરેક કે ખુશીનો ભાવ લાવવો કયાંથી ? એ તો ઘરે આવેલાં મહેમાન જવા તૈયાર થાય ત્યારે વધારે પડતી ખુશીમાં બોલાઈ જાય... બાકી તો, અમસ્તાં જ કોઈના મળવાથી એમ અચાનક જ કોઈને કંઈ આનંદનો ઊભરો આવી જાય ? મારા તો મોં પરથી દિવેલ ઊતરતાં જ કલાક લાગે.

આ બધો ઊભરો કાઢવાનું કારણ છે એક મહિલા. આજે સવારે પહેલી વાર જ મારે ઘેર આવ્યાં. એમના પતિને મારા પતિ સાથે મિત્રતા એટલે એમના પતિએ ને મારા પતિએ એમને કહ્યું કે 'જાઓ, ઘરમાં બહેનની સાથે ગપ્પાં મારો. અમે અહીં બહાર બેઠા છીએ.' પેલાં બહેનના મનમાં ગપ્પાં મારવા મળશે તે વાતનો એટલો આનંદ હતો કે, મારા પતિ મારા માટે 'બહેન' શબ્દ વાપર્યો તેનો એમણે કોઈ વાંધો કે વિરોધ કે અણગમો પણ દર્શાવ્યો નહીં ! મે સ્મિતસહ એમને આવકાર આપ્યો તે એમને બેસવા અનુરોધ કર્યો. મારા સ્મિતને એમણે ઉમળકાભેર વધાવી લીધું ને સામે લા..બી સ્માઈલ આપી મને પણ બેસવા આગ્રહ કર્યો. મેં એમના બેસવાના આગ્રહને ઠંડો પાડવાનો ઈરાદો 'ઠંડુ લેશો ? ની ફરમાઈશ કરી. ને એમણે એક જ વાકય બોલીને મને ઠંડી કરી દીધી. 'ના, ના બેસો હવે. પાણી પીધું ને ? પાણીમાં બધું આવી ગયું.'

હું તો વહેલી-વહેલી રસોડામાં જઈને ખુરશીમાં બેસી ગઈ. આ બહેન કેટલી ઊંચાઈએ પહોંચી ગયાં છે ! ચોવીસ કલાક આપણને પાણીની જરૂર પડે છે ને પાણી જ આપણું જીવન છે ને એના વગર એક ઘડી ય ચાલતું નથી, વગેરે વગેરે. પાણીને લગતાં પાણીદાર વાકયોને આમણે તો એક જ વાકયમાં સમાવી લીધાં ! વાહ વાહ ! કેવું પડે. આમની આગળતો પાણીનો લોટો લઈને (લોટો કયાં શોધવા જવું ? એટલે ગ્લાસ લઈને) એમના પગ ધોઈ નાંખવા પડશે. બહૂ ધૂળવાળા દેખાય છે. આમનાં તો ચાપાણી પણ પાણી ને નાસ્તાપાણી પણ પાણી જ ! ભોજન પણ પાણી ને મુખવાસ પણ પાણી ! વારી જાઉં બહેનજી... વારી જાઉં તમારા પર ને તમારી પાણીને લગતી વાણી પર.

એ બહેનનું રાજ ઘરમાં ચાલતું હશે - દેખાય છે તો પાણીદાર એટલે ચાલતું જ હશે-તો ઘરમાં બધાં, પાણીમાં જ સમગ્ર વિશ્વનાં દર્શન કરી લેતાં હશે ને મહેમાન કે ભગવાન પણ એમના ઘરે ભૂલો નહીં પડતા હોય. પાણીમાં જ પતાવી કાઢે કે પટાવી કાઢે ! કોઈના ઘરે જાય તો ભારી પણ ના પડે ને બહારગામ જાય તો પાણી સિવાય કોઈ ખર્ચો જ નહીં. પાણીવાળી બાઈ છે કે શું ?

મારું પાણી ચિંતન હજી ઊંડુ ને ઉંડુ જવાની તૈયારી કરતું હતું પણ પેલાં બહેને મને બોલાણી, 'બહેન, કંઈ લાવતા નહીં. તમે બેસો અમારી સાથે ને વાત કરો.' જોકે, એમના પાણીના આગ્રહને મે પંખા નીચે સૂકવી દીધો તે શરબત લઈને જ એમની સામે ગઈ. એમણે તો એક પછી એક વિષયો સંગીતના રાગની જેમ છેડવા માંડયા ને વચ્ચે વચ્ચે આંખો ઘેરાતી અટકાવવા મારે ઘડીઘડી પાણી પીવા ઊઠવું પડયું. સવારથી સાંજ સુધીમાં એ કેટલા કલાક ટીવી જુએ છે, કેટલા કલાક સેવા-પૂજામાં

કાઢે છે, કેટલા કલાક ઊંઘવામાં ને કેટલા કલાક ફોન પર વાતોમાં, તે બધું એમણે મને અડધા કલાકમાં જણાવી દીધું. એમનાં કેટલા ઓરડાનું ઘર છે ને હવે નવા મકાનનું વાસ્તુ કયારે છે તે બધું ખુશીખુશી જણાવતાં. જણાવતાં એમણે મને એમના ઘરે આવવાનું આમંત્રણ પણી આપી દીધુ. હું ગભરાઈ ગઈ. આમંત્રણ સ્વીકારવું કે નહીં ? વાસ્તામાં પાણી સિવાય કંઈ નહીં હોય. ત્યાં બોર્ડ માર્યા હશે. "પાણીમાં જ બધું સમજી લેવું.'

એમની વાતો હવે ખૂટવા આવી હતી ને હંમેશની જેમ હંમેશની જેમ મારી પાસે તો વાતો હતી જ નહીં. મારા મનના ભાવો જાણી ગયાં હશે એટલે કે પછી પેલા પાણીવાળા વાકયનો જગમાં પ્રચાર કરવા નીકળવાનાં હશે કોણ જાણે પણ અચાનક તેઓ ઉભાં થઈ ગયાં અને પેલી લાં...બી સ્માઈલ ફરકાવતાં આવજોની લીલી ઝંડી ફરકાવી દેતાં બોલ્યાં, 'ચાલો બહેન, આવજો. તમને મળીને બૌ આનંદ થયો.' મેં તો એમને યંત્રવત્ વિદાય કર્યા પણ જાતને પ્રશ્ન કર્યો, 'આમને, મને મળીને આનલંદ ઘયો ? ન તો મેં કોઈ વિશેષ સરભરા કરી કે ન એવી મજેદાર વાતો કરી ! ઊલટાનો, એમણે મને પાણીદાર વાકય આપીને જીવનનો મર્મ સમજાવ્યો.' મેં તરત જ અંદર જઈને અરીસામાં મારું મોં જોયું. મને જોઈને આનંદ મળે એવું ચહેરા પર કાંઈ નહોતું ચીતરાયું. હશે એ બહેન કદાચ આનંદી હશે અથવા સામેનાને સારું લગાવવાના નિયમ મુજબ બોલી જતાં હશે. બાકી મને મળીને આનંદ થાય એવું મેં કંઈ જ કર્યું નહોતું.

એ બહેનને તો મેં બહાર જતાંજતાં પણ એમના પતિની આગળ ને મારા પતિના મોં પર કહેતાં સાંભળ્યાં કે 'બહેનને મળીને બૌ આનંદ થયો.' હશે - જેવાં જેનાં નસીબ ! મારા પતિને પણ નવાઈ તો લાગી પણ એમને એમ કે, કોઈ વાચક હશે ! તે સિવાય કોને આનંદ થાય ? ■

પાના નં. ૪૧ થી ચાલુ

બેઠક ગોઠવી હોય ત્યાં બપોરથી સાંજ સુધી ઈન્ડિયનો રોજ ભેગા મળે તો 'અહીં કેમ બેઠા છો ?' એવું કોઈ નથી કહેતું. મોટાં શહેરોમાં બસની સગવડ છે. બસ રૂટ જાણતા હોય તો ડાઉનટાઉનમાં આટો મારી આવો એટલે ચાર કલાક પસાર ! લાયબ્રેરીઓ ખુબ વિશાળ હોય છે. ગુજરાતી ન્યુઝ પેપર્સ, ગુજરાતી બુકસ, હિન્દી પિકચરોની વી.સી.ડી. બધું વિના મૂલ્યે ઘરે લઈ જઈ શકાય. આખો દિવસ લાયબ્રેરીમાં બેસીને વાંચતા રહો, આવતાજતા માણસોને જોયા કરો- નો પ્રોબ્લેમ ! દરેક શહેરમાં ખૂબ ખૂબ મોટાં, હરિયાળાં ગાર્ડન હોય, ત્યાં જઈને બેસો, આળોટો, પાર્ટી કરો - નો પ્રોબ્લેમ !

હા, અમેરિકાનો શિયાળો વસમો ખરો. ઠંડી સહન કરીને નોકરીએ તો જવું જ પડે અનેજોબ ઉપરથી આવ્યા પછી ઘરમાં બેસી રહેવાનું. જો રાત્રે સ્નો પડયો હોય તો સવારે ઊઠીને મીઠું નાંખીને, બાવડાં દુ:ખી જાય ત્યાં સુધી પાવડો લઈને બરફ ઉસેટવાનો. શનિ-રવિ પણ ઘરમાં બેસી રહેવું પડે એટલે વિન્ટરમાં પતિપત્ની પણ એકબીજા સામે કયારેય દાંતિયા પણ કરી લે ! વિન્ટરમાં સિનિયર સિટિઝનની દશા ખૂબ કફોડી બને.

આખો દિવસ ઘરમાં બેસી રહેવાના કારણે ઘણા ડીપ્રેશનના દર્દી બની જાય છે. ઘણાનું બ્લડપ્રેશર વધી જાય અને ઘણા ડાયાબિટીસનો શિકાર બની જાય. ઈન્ડિયાથી બે ત્રણ વર્ષ સંતાનો સાથે રહેવા ગયેલા માતાપિતા ઈન્ડિયાને યાદ કરીને રીતસર રડે છે. અમેરિકા તો 'સોનાનું પિંજરું' એમ ઘણા કહે છે તે અમેરિકાની કાતિલ વિન્ટરના કારણે.

અમેરિકામાં વસેલા આપણા ગુજરાતીઓ આ વિન્ટર ફિન્ટરની બરાબર ટેવાઈ ગયા છે અને એ ય મોજ કરે છે ! ■

# અમિત દેસાઈ

આખુ નામ : અમિત (અજિત) ઠાકોરભાઈ દેસાઈ
જન્મ તારીખ : ૦૯-૦૧-૧૯
જન્મ સ્થળ : ઝિમ્બાબ્વે (દ.આફ્રિકા)
માતાનું નામ : નીરુબહેન
પિતાનું આખું નામ : ઠાકોરભાઈ છગનભાઈ દેસાઈ
મૂળ વતન :મરોલી
મોસાળ : ઊંટડી
પત્ની : ઝૈતુન
અભ્યાસ : બી.એ, (ઈકોનોમિકસ) ડિપ્લોમા ઈન જર્નાલિઝમ
પ્રવૃત્તિઓ : હાલમાં મેનેઝીંગ એડિટર - 'ઉજાસ' મેગેઝીન
સરનામું : ડી-૬, ધરમ પેલેસ, આનંદ મહલ રોડ, સ્નેહ સંકુલવાડી પાસે, અડાજણ લાઈન્સ, અડાજણ, સુરત-૩૯૫ ૦૦૯
ઈ મેઈલ : ujasmagazine@gmail.com
ujasmagazine@yahoo.com

વિશેષ માહિતી : ૧૯૯૩ થી 'ઉજાસ' મેગેઝીન પ્રગટ કરે છે. છેલ્લા ૧૬ વર્ષોથી સરકારી વિષયોને પ્રકાશિત કરનાર નિષ્ણાંત, 'સંદેશ' ના જાહેરાત પૂર્તિના નિષ્ણાંત, ૩૪૦ જેટલા સેલેબ્રીટીના ઈન્ટરવ્યૂ લેનાર, 'ઉજાસ'ના એવોર્ડ ૧૯૯૩થી આપનાર, 'શ્રી ટી.વી.ના ભૂતપૂર્વ રિપોટર, 'યુવા અન્સટોપેબલ' અટલ આશ્રમ તરફથી એવોર્ડ પ્રાપ્ત કરનાર, કેનેડા, યુ.કે., કેન્યા, સિંગાપોર, થાઈલેન્ડ, મલયેસિયા, ચાઈના વગેરે રાષ્ટ્રોમાં ફરનાર
શોખ - ટૂર એડમિનિસ્ટ્રેશન, કોમ્પ્યુટર, મુવિ, ડ્રોઈંગ.

૧૯૯૩ થી 'ઉજાસ' ના ૪૦૦ ઉપરાંત અંકો જુદા જુદા વિષયો પર કર્યા. ૧૫ વર્ષમાં છ આંકડાના ગ્રાહકો મેળવ્યા, ગુજરાતી લાઈબ્રેરીઓમાં આ મેગેઝીન જાય છે, ૯ દેશોમાં 'ઉજાસ' વંચાય છે. ૧૧ વર્ષથી નેશનલબુકફેરમાં ભાગ લે છે. અનાવિલ જ્ઞાતિ પર ૧૦ વિશેષાંકો કર્યા છે.

પ્રકાશિત પુસ્તકો : 'ઝૈન' (ગઝલ સંગ્રહ) ■

---

પાના નં. ૪૨ થી ચાલુ

મુસ્લીમો અને ઘણા હિન્દુ ઝાડુવાળા (૧૦,૦૦૦ થી ૧,૦૦,૦૦૦) ગુજરાતી બોલે છે. 'ઘણા પારસી અને ઈસ્લામી મુસ્લીમો ગુજરાતી ભાષામાં પારંગત થયા છે. કેટલાક ગુજરાતી ભાષા લોકો ધીરે ધીરે ઊર્દુ અપનાવતા જાય છે. ગુજરાતી ભાષામાં છાપાઓ પ્રસિદ્ધ થાય છે અને રેડિયો કાર્યક્રમ પણ આવે છે.

સિંગાપોર : ભાષાનું નામ : ગુજરાતી. ૧૬૧૯ જેટલા જૂથોમાં બોલનારની સંખ્યા આશરે ૮૦૦ (૧૯૮૫)

ટાન્ઝાનિયા : ભાષાનું નામ : ગુજરાતી. બોલનારની વસ્તી આશરે ૨,૫૦,૦૦૦, જે બધા ભારતીયો છે. જેમાં મોટા ભાગના ગુજરાતી છે. તેમની પોતાની ધાર્મિક સંસ્થાઓ છે અને સાંજની શાળાઓ પણ છે.

યુગાન્ડા : ભાષાનું નામ : ગુજરાતી. કુલ વસ્તીનો એક ટકો આશરે ૧,૪૭,૦૦૦ની ભાષા. ૨૦મી સદીના પુર્વ ભાગમા આ લોકો યુગાન્ડમાં આવ્યા. છાપાઓ પ્રસિદ્ધ થાય છે.

ઝામ્બિયા : ભાષાનું નામ : ગુજરાતી. બેલનારની વસ્તી ૧૨,૦૦૦. મોટે ભાગે હિન્દુ. ■

# અનાવિલ ગામની અસલ વાતો

**– મનુભાઈ દેસાઈ, સુરત**

અમિત દેસાઈના મેગેઝીન 'ઉજાસ' ના ૯મા અનાવિલ વિશેષાંક માંથી

નાનકડા વકતાણા ગામમાં ૧૯૩૩માં ગરીબ કુટુંબમાં જન્મેલ મનુબાઈ દેસાઈ ધીરેધીરે સુરત શહેરમાં મનુભાઈ પછી મનુકાકા અને નિવૃત્તિને સેવાકીય પ્રવૃત્તિમાં પલટી નાખી. ભારતભરમાં જ્યોતિષ જ્યોતિરીકે નામના મેળવી. આજે ૮૦ વર્ષની ઉંમર યુવાનોને શરમાવે એવા 'કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષી કદાચન' ના સિદ્ધાંતમાં ઓતપ્રોત થઈ રહ્યા છે.

જૂના જમાનામાં ખેડૂતો, હળપતી, હરીજન, કારીગર વર્ગ (સુથાર, લુહાર, કુંભાર, મોચી, હજામ વિગેરે) ની આર્થિક પરીસ્થિતિ એકદમ કંગાળ, નાણાંકીય ચલણ એકદમ ઓછું, ખેતમજૂરોને અને અન્ય કારીગર વર્ગને પોતાની મજૂરી કારીગરીનાં બદલામાં મોટેભાગે અનાજ, કપડાં અને અન્ય જીવનજરૂરિયાતની વસ્તુઓ આપવામાં આવતી (બારટર સિસ્ટમ) ગામમાં કેટલાક ઘરો વિલાયતી લાલનળિયાવાળા, જયારે મોટાભાગના ઘરો પતરાના અને દેશી નળિયાવાળા ઘરોને તો ચોમાસામાં છાપરેથી પાણ ટિપકે નહિં એટલે દેશી નળિયાને વ્યવસ્થિત પૂનઃ ગોઠવી ચાળવામાં આવતા. સુકી ખેતી જેવી કે જુવાર, ચોખા, મગફળી, કપાસ, કઠોળ માટે સિંચાઈની સગવડ નહીં હોવાથી ફકત વરસાદ પર જ આધાર રાખવો પડતો. અનાણૃષ્ટિ, અલપવૃષ્ટિ કે કયારેક અતિવૃષ્ટિથી દુકાળ જેવી ભયંકર પરિસ્થિતિ સર્જાતા ગ્રામજનો લગભગ દયાજનક સ્થિતિમાં મૂકાય જતાં પશુઓ ભૂખે મરતા અથવા પાંજરાપોળમાં મૂકી આવવા પડતાં.

નહેર કે સિંચાઈની સગવડના અભાવે ફકત વરસાદ પર જ આધાર રાખવાનો હોવાથી દુકાળ અથવા અતિવૃષ્ટિનો ભોગ બની સુકી ખેતી પાક લગભગ નિષ્ફળ જતાં ખેડૂતો ખેતમજૂરો કારીગર વર્ગ લગભગ દયાજનક સ્થિતિમાં મૂકાઈ જતાં. પુરૂષો ધોતિયા પહેરી ઉપરથી લગભગ ઉઘાડા, માથે ટૂંકા વાળ પણ લાંબી ચોટલી, બહેનો ઘરનું, ખેતીનું, ઢોરઢાંખણનું વિ. નું કામ હોવાથી સુતરાઉ લગડુ પહેરી કાછડો મારતી, આમ તે વખતે ગરીબ સમાજનો 'રોડપતિ' જેવી હાલત જીવતા, પરંતુ સહકારી બાવનાથી દીલે દીલદાર જરૂર હતાં. પશુધનમાં ગાય, ભેંસ, બળદ, હળપતી હરીજન-વાસમાં બકરી મરઘા વિ. બળદગાડુ, હળ, સરકુ, ઓળણી અન્ય સાધનો પાવડો, કોદાળી, નરાજ, પંજેઠી, ધારિયું, ત્રિકમ, કુહાડો, પરોણી વર્ષ ૧૯૫૦ની આસપાસ ઉકાઈ, કાકારાપાળમાંથી સિંચાઈ વિ. માટે નહેરની સગવડ પ્રાપ્ત થઈ.

આશરે ૭૦ વર્ષ પહેલા બે પગા અને ચાર પગા પ્રાણીઓને પીવા અને વાપરવા માટે કોસિયો ગામના મુખ્ય વિશાળ કુવામાંથી ચામડાના બનાવેલા કોસથી કુવાની બાજુમાં ઢોળાવવાનો ખાડો ખોદી બે બળદો જોડી કુવાના થાળામાંથી હવાડામાં પાણી પડે એ એટલે એ આવ્યો રામ લલકારી હવાડો ભરી દેતો. ગામના કેટલાંક મીઠા પાણીના કુવાઓમાંથી મહિલાઓ પીવાનું અને વાપરવાનું પાણી ડોલ દોરડાથી કાઢુ માથે બેડું ઉંચકી ઘરમાં કાળા માટલામાં ભરતી. કુવાની બાજુમાં બેસાડેલી

હેલ (ખરબચડો પથ્થર) પર અરીઠાથી કપડા ધોતી. પાછળથી સિંચાઈ માટે રહેંટ (પતરાના નાના ડબ્બાઓની સાંકળ) વાટે, કુવાની બહાર બળદને ગોળ ફેરવી, કુવાના થાળા મારફત આખા ખેતરમાં કે વાડીમાં સિંચાઈ થતી. રહેંટનો સંગીતમય અવાજ, પંખીઓનો કલરવ, શાળાઓમાં વેકેશન, ઉનાળાના ધગધગતા તાપમાં શરીર અને માથા પર ઠંડી શીતળ કાળી માટીથી સ્નાન. કાળી માટી વળી દંતમંજન તરીકે પણ ઉપયોગી, સ્નાન પછી તાજા કુમળા ચીભડા, જાંબુ પહેલા કાચી કેરી, પછી ખાડીની આસપાસ કતારબંધ ઉગાડેલા વિશાળ આંબા પરથી પાકવાલાયક કેરીના હાખિયા- અમારા બાળપણના નિર્દોષ આનંદના દિવસોની યાદ તો હજી તાજી જ છે. ખેડૂતો ખેતી કામમાંથી સમય કાઢી વધારાના ઘાસ, કડબ વિ. સુરત વેચવા મધરાતે પછી તરત જ બે-ત્રણ વાગે બળદગાડું લઈ જતાં. સાંજે થાકેલા પાછ ફરતી વખતે જીવનજરૂરિયાતની વસ્તુઓ અને તડબુચ, સકકરટેટી, ભુસુ વિ. લઈ આવતા. રસ્તામાં થાકને લઈને ઝોકું ઉંઘ આવી જાય પણ કેળવાયેલા બળદો શિસ્તબધ્ધ ઘર આવી ઉભા રહે.

ત્યારે કેટલીક વખતે તો કુટુંબીજનો પણ જગાડે ગાડા ભરેલા ગાસની કિંમત લગભગ રૂા. દસ જેટલી જ મળતી વકતાણા ગામમાં વિશાળ લંબચોરસ ફળિયામાં ત્રણ ઘેઘૂર ઘટાદાર લીમડાનાવૃક્ષો. ઉનાળામાં રાત્રે ખુલ્લામાં ખાટલો કે પલંગડીઓમાં કડવા પણ મધુર, શીતળ, આરોગ્યદાયી, પવન માટે લીમડાના ઝાડ નીચે સૂતા, મોડી રાતે ઓઢવાની પણ જરૂર પડતી (ભર ઉનાળે) આશે ૨૫-૩૦ વર્ષ પહેલા ઈલેકટ્રીસીટી (વીજળ) ની સગવડ કરતા લીમડાઓનું નીકંદન કરવામાં આવ્યું.

મહિલાઓ વહેલી પરોઢે મોટી ઘંટીમાં અનાજ દળતા દળતા "જાગને જાદવા શ્રી કૃષ્ણ ગોવાળિયા, તુજ વિના ઘેનુમાં કોણ જાશે ?" ના મધુર ગીતો ગાઈ ઓટલામાંથી કોઢમાંથી ગાય-ભેંસનો 'ઓંચ-ઓંચ" નો અવાજ સાંભળી તાજું હુંફાળુ ચોખ્ખુ દુધ દોહી કુટુંબીજનોને અને ખાસ કરીતે બાળકોને પીવડાવતી. બચેલા કુટુંબીજનોને અને ખાસ કરીને બાળકોને પીવડાવતી. બચેલા દુધમાંથી દહીં, માખણ, છાશ, ઘી વગેરેમાં રૂપાંતર કરવું. દર ત્રીજે દિવસે કાળા મોટા માટલામાં મોટી રવઈને દોરડું બાંધી સામસામે બે જણ ઘમ્મર વલોણી વલોવી દહીંમાંથી માખણ બનાવી છાસને ઘરમાં અને પડોશમાં મફત વહેંચી દેતા. તે છતાં વધેલી છાસને હળપતિઓ અને હરીજનોમાં મફત વહેંચી દેતા. સાંજનું ભોજત પડોશીઓ સાથે ચોકમાં બેસી અરસપરસ વહેંચી ખાવાની મજાના તે દિવસો હતા. વાહ...વાહ... શું ફલેશબેક હતો....!

સવારે નવેક વાગે ગોવાળિયો ગામના ગાય-ભેંસોને જાહેર સીમમાં ચરાવવા લઈ જઈ, બપોરે ગામના પાદરે વડ પીપળની શીતળ છાયામાં આરામ કરાવી પાછો સીમમાં લઈ જઈ સાંજે દરેક ઘર પાછો સોંપતો. સાંજના પાછા દુધ દોહવાતું. ગોવાળિયાને બપોરે દરેક ઘરથી અડધો રોટલો આપવામાં આવે. રાત્રે વારાફરતી એક હરીજન બાવળના દાતણની સોટીઓ વહેંચતો, તેના બદલામાં એ હીરજન ભાઈન્તે પણ અડધોક રોટલો મળતો. મિત્રો એ બાવળના દાતણ, શીતળ કાળી માટી, તાજુ દુધ, સેન્દ્રીય ખાતરથી ઉગાડેલા કઠોળ, શાકભાજી, અનાજ સખત મહેનત, સાદુ જીવન , માથા પર બરફ અને જીભે બરફી, ભાઈચારો, હાથ પગ ગરમ પરંતુ પેટ નરમ, આત્મશ્રદ્ધા, હકારાત્મક અભિગમ વિ. નું યથાશકિત પાલત આજે ૮૦ વર્ષની વયે પણ મારી

તંદુરસ્તીનું રહસ્ય છે. એમ હું વિનમ્ર ભાવે માનું છું. રોજની રસોઈ ખાસ કરીને વડીલ બહેનો અંબોટિયું કે રેશમી વસ્ત્રી પહેરીને ચુલા પર લાડા, કરાંડીના બળતણથી કાળી માટીના વાસણમાં અથવા પાછળથી કલાઈવાળા પિત્તળના વાસણોમાં રસોઈ કરતી. જમ્યા પછી એંઠી લીપણવાળી જગાએ છાણથી પવિત્ર કરતી. (એક કુરિવાજનો ઉલ્લેખ) માસિક ધર્મ પાળતી મહિલાઓને તે દિવસો પૂરતી અસ્પૃશ્ય ગણી, રસોઈ વિ. કોઈ પણ કામો સોંપતા નહીં. અરે પાપડ પાડી વણાતા હોય તો એ મહિલાનો પડછાયો પડે તો પાપડ વિ. બગડી જાય એવી ગેર માન્યતા....!

### લગ્ન પ્રસંગે

લગ્ન, જનોઈ જેવા શુભ પ્રસંગોએ સમગ્ર ગામ આનંદના હિલોળે ચઢી, પૂરી ધાર્મિક ભાવનાઓથી ખાસ કરીને ખેડૂતોને ફુરસદ અને શાળાઓમાં વેકેશન હોવાથી ચૈત્ર-વૈશાખમાં ધાર્મિક ભાવનાઓથી ભારે ઉત્સાહ, ઉમંગથી ઉજવતા. ગોર મહારાજ ઉકડી નોતરવી, ગેરમટી લાવવી, મંડપમુહુર્ત, ગ્રહશાંતક વિ. ધાર્મિક વિધિઓમાંથી થોડો સમય કાઢી ગામમાં સુકટમ (સહકુટુંબ) જમવાનું, નોતરું આપી આવે. ગામની હજામની મહિલાઓ પાપડ, પાડી, સેવ વિ. વણવા કાંસાની થાળી, વેલણ, સાગના પાડિયા વિ. પોતપોતાના ઘરેથી લાવી લગ્નના ગીતોથી વાતાવરણને અગાઉથી જ લગ્નમય બનાવી દેતા. ગામના વડીલો ભેગા થઈ કોઈને કંકોતરીમોકલવાનું ભુલી ત જવાય એની ચીવટ રાખતા. મહિલાઓ "કંકુ છાંટીને કંકોતરી મોકલી, કેસર છાંટીને કંકોતરી મોકલી" સુમધૂર કંઠે ગાતી. મોસાળા પ્રસંગે મોસાળિયાઓનું સ્વાગત. બડવો મનાવતી વખતે "બ્રહ્મચારી ચાંચળ પૂજવા બેઠા રે" વિ. ગીતો ગવાતા. જમણવાર આગળ ફળિયામાં અથવા પાછળ વાડામાં, ધૂળ, દબાવવા પાણી છાંટી, બાજદળિયા મુકાય. દરેક વ્યકિતએ પીવાનું પાણી લોટામાં પોતાના ઘરથી જ લઈ જતા, ફકત પીરસનારાઓ જ નહીં પરંતુ જમવા આવનાર પુરૂષો પીતામ્બર અને સ્ત્રીઓ રેશમી સાડી પહેરીને જ આવે. ભોજનમાં મોટેભાગે લાપસી, કેળા મેથીના ભજિયા, દૂધી ચણા અથવા વેંગણ બટાકાનું શાક, દખુંચોખા, કેટલાક સાધનસંપન્ન લોકોને ત્યાં શીખંડ, રવામેંદાની પૂરી, પાતરા-ભજિયાનું ભોજન પીરસાતું. તો કેટલાકને ત્યાં પાંચ પકવાનની રસોઈ બની. ચમચીના અભાવે સબડકા પારવાની કાંઈ ઓરજ મજા આવતી. વૃદ્ધ અને અશકત ગામવાસીઓને ઘરે ભાણાં ઢાંકવાનો રિવાજ હતો. બે પૈસે સુખી અને દીલદાર લોકો લગ્નની રાતે ગવૈયા બોલાવી વગર માઈકે સુગમ સંગીતની રમઝટ બોલાવતા.

વરયાત્રા પ્રસંગે એક ગામથી બીજા ગામે જાન જવાની હોય "હાથમાં નાળિયેર રે ભાઈના ડોકે વરમાળા" ગીત મહિલાઓ અને લગ્નગીતોમાં પારંગત કોળણો સુરોમાં ગાય. જાન (વરયાત્રા) ગાલ્લી, સવારી, રેંકડી અને વરરાજા માટડે ઘુમટવાળો માફો. માફાના કદાવર બળદોના શીંગડા કપાળ શણગારી, શરીર પર રંગબેરંગી ઓઢા, ગળામાં ઘુઘરમાળા, માફાની રખેવાળી માટે ઘરના બે હળપતી માફાને પાછળથી પકડી વેવાઈના ગામ સુધી દોડતા. બધા ગાડાઓની રેસ યોજી,જે ગાડુ વેવાઈના ગામે પ્રથપ પહોંચે તેને વિજેતા જાહેર કરી વાંસની પોલી નળીની બન્ને બળદોને સવાશેર ઘી પાઈ સ્વાગત કરાતું. મધર ઈન્ડિયાની ફિલ્મમાં આ કાઢાકાઢીનું દ્રશ્ય જોવા મળે છે.

### બીમારી – તબીબી સારવાર

બીમારી અને માંદગીના વખતે નાડી જોઈ

બીમારીનું નીદાન કરી ગામમાંથી શ્રી મનુભાઈ વૈદ્ય ગામમાં આવતા. પાછળથી સચીનથી ડાંગી ડૉક્ટર દવા ઈન્જેક્શનની નાની પેટી લઈ ઘોડા પર બેસી આવતા. ચોમાસામાં કાચા કાદવિયા રસ્તાઓને લઈને એમને પગપાળા બોલાવવા જવુ પડતું. આધુનિક તબીબી સેવાઓથી મોટેભાગે વંચિત રહેવું પડતું. સુવાવડ ઘરમાં જે દાયણની મદદથી કરવામાં આવતી. આથી બાળમરણ અને યુવાવયે માતાઓના અકાળે મોત થતા. સરેરાશ આયુષ્ય પણ ૫૫-૬૦ વર્ષનુ ગણાતું.

**મરણ પ્રસંગો**

છેલ્લા શ્વાસો લેવાતા હોય એવા મૃત્યુની એકાદ મિનીટ પહેલા ગામના શ્રી છગનલાલ દાજીભાઈ અથવા રણછોડજી રૂદરજી નાડી તપાસી મરનારના સ્નાન માટે ગરમ પાણીનો દેગડો મુકાવી "ચાલો ઊચકો, નવડાવી તે - પવિત્ર કરી દો" મોટેથી રામ રામ બોલી એક બે મિનીટ પહેલા જ મરનારને સ્વર્ગે પહોંચાડી દેતા. વકતાણાથી પંદરેક કી.મી. પગપાળા ચાર પાળીમા ચાર ડાઘુઓ અશ્વનીકુમાર ખભા પર નનામી લઈ જતા. ચોમાસામાં પરીસ્થિતિ ખૂબ જ વિકટ બનતી. અગ્નીસંસ્કાર પછી સ્મશાનઘાટે ડાઘુઓ માટે લાડુ અથવા ઘારી, મગજ, દુધપાક વગેરે ભોજનની પણ વ્યવસ્થા કરવામાં આવતી.

મરણના તેરમા દિવસે સમગ્ર ગામને ભોજન કરાવવામાં આવતું. તે સમયે એટલે આશરે ૭૦ વર્ષ પહેલાના એક કુરિવાજનો ઉલ્લેખ કરવાનો જ રહ્યો. જે હવે બંધ થઈ ગયો છે. વૃધ્ધ અને મોટી ઉંમરની તો ઠીક પણ યુવાન વિધવાઓને ફરજિયાત માથાના વાળનું મુંડન કરાવી. તમામ દાગીના ઉતરાવી લાલ લુગડા પહેરાવી સખત અને નીદયી વૈધવ્ય પડાવતું. વિધવાઓને અશુભ ગણવામાં આવતી.

**અન્ય પ્રસંગો.....**

મકરસંક્રાતિથી શરૂઆત કરીએ. બ્રાહ્મણો અને ગાયને દાનનો મહિમા, તલના લાડુ - 'કાઈ પો છે' ના ગગનભેદી નારાઓથી પતંગોત્સવ. આંધળી વાનીના જુવારના કણસલાને અગ્નિમાં શેકવા અંગેઠી બનાવી કપડાંની ગડી બનાવી બુધાથી ઝુડી કુમળો લીલો મીઠો પોંક સાથે લીંબુ મરીની સેવ, વરીયાળી દાણા, લસણની ચટણી, લસ્સી, માખણ, કુણાં, ચીભડા સાથે પોંકપાર્ટી. પછી બપોરના ભોજનમાં લીલા પોંકના લાડુ, ઉંધિયું, દુધપાકનું લન્ચ. લીલા પોંકનો મસાલેદાર ચેવડો પણ બનાવાતો. હોળીનો તહેવાર ગામના પાદરે લાકડાં, છાણાં ઉઘરાવી હોળી પ્રગટાવી બાળકો સાંજઅ ગામથી બળદગાડા જેવા વાહનોને હેરાન કરી 'કાકા હોળીનો ફગવો આપો' થી પણ હેરાત કરતા. ધુળેટીના તહેવાર રંગારંગ ઉજવતા. ચોમાસા અગાઉ ખેડૂતો ખાતર નાંખી ખેતરમાં ખોદકામ કરી નવા પાકની ઓરણી માટે તૈયાર રહેતા. આગમન લંબાઈ જાય તો મેઘરાજાને રીઝવવા હળપતી બાઈઓ વાંસની ટોપલીમાં માટીની મૂર્તિ બનાવી વેલાઓથી શણગારી મેહુલિયા કાઢી મધુર અવાજે "નદીને સરોવર સુકાય ગયા, તારી ધરતી ધરીયાણી જુએ વાટ, મેહુીલયો." મલ્હાર રાગ છેડી દરેક ઘર ફરે ફરે અને થોડી જ વારમાં આકાશ કાળા ડીમ્મર વાદળોથી ઘેરાઈ જાય. ગડગડાટ (વાદળમાં ડોશી પથરા મારે) અને વીજળીના કડાકા ભડાકા (મેઘધનુષ્ય) ઝબુકી મેઘરાજાની પધરામણી થતાં એજ હળપતી બાઈઓ ત્યાં તો "આવ્યો મહીયારી મેહુલો, નદીને સરોવર છલકાય ગયાં,ધરતી ધણીયાણી હીલોળે ચઢી" ગીત ગાતી. અલુણાંનો તહેવાર નાની બાળાઓ માટે કંતાનની કોથળી અને કાંથાના દોરડાનો ઝુલો બનાવી સારા ભરથાણની પ્રાર્થના સાથે

માટે કંતાનની કોથળી અને કાંથાના દોરડાનો ઝુલો બનાવી સારા ભરથાણની પ્રાર્થના સાથે અલુણાંના ગીતો ગાઈ ઉપવાસ કરી ઉજવતી. અમાસનો છેલ્લો દિવસ 'દિવાસો'-સહુ સર્વોનો વાસો. પછી શીતળાસ્પ્તમી, રક્ષાબંધનનો ભાઈ-બહેનનો પવિત્ર સંબંધનો તહેવાર જનોઈ બદલવાના દિવસ તરીકે પણ ઉજવતો. આસો નવરાત્રીના તહેવારોમાં કેટલાક કુટુંબોમાં માતાજીનું સ્થાપન કરી રાત્રે ગરબાઓથી સમગ્ર વાતાવરણ ધાર્મિક અને નિર્દોષ આનંદપ્રિય ઉત્સવ બની જતો. ઘેરૈયાઓ પોતાના શેઠના ઘરની બહેનોના કપડા, જેવા કે ચોળી, રંગીન સાડી, માથે રંગીન સાડીનો સાફો, કમરે ઘુઘરમાળ, દાંડિયા, કોઈકના હાથમાં મોરપીંછનો ઝુડો, ઢોલ મંજીરાનો તાલ ગામમાં અને વેવાઈઓના ગામમાં ઘેર ઘૂમતા. દરેક ઘરની બહેનો ઘેરની પૂજા કરતી. ઘેરૈયાઓ "પહેલા વધાવો ચાંદા સૂરજને રે બેની, પછી વધાવો મારી ઘેર રે, રમતી ગમતી ઘેર વધાવોરે બેની, કાશી ગયાના પુણ્યે રે થાય" ની પ્રાર્થના દ્વારા આશીર્વાદ આપતા. ઘેનો 'કાળીબીલ્લી' નામનો મુખ્ય ઘેરૈયો મોં તથા શરીર પર કાળો રંગ લગાડી કમરે ઘંટ બાંધી પાછલા બારણામાંથી આગલા બારણા સુધી દોડી ઘરમાંથી ભૂત, પ્રેત, રોગ જેવાં અનિષ્ઠોને ભગાડવા "તાવ જાય, તરીયો જાય, રાયો જાય, જાય રે પેલી ગંગી ઘાંચણને ત્યાં" મોટેથી ગાતો. માતાજીના ગરબા ઉપરાંત એ ગરબો મને બહુ ગમતો. જે આજના પુરૂષપ્રધાન સમાજમાં સ્ત્રીઓનું મહત્વ આજે પણ સમજાવે છે. ઘરમાં નવી પરિણિત પુત્રવધુને પોતાના સસરાને ફરીયાદ કરવાની ફરજ પાડે છે.

ધી ઉજાસ દિવ્ય | ૩ ઓગષ્ટ ૨૦૧૩ ■

પાના નં. ૩૪ થી ચાલુ

સમયે એમના ડબ્બામાં અંગ્રેજો પણ હતા. અંગ્રેજોએ ગાંધીજી અને મહાદેવભાઈને ડબ્બામાંથી ધકકો મારી ઉતારી પાડયા હતા. આ સમયે મહાદેવભાઈએ દેસાઈના ટોનમાં ગાંધીજીને ચીનગારી આપી બાપુ હવે હદ થઈ છે. આ સમયે મહાદેવભાઈના શબ્દોની ગાંધીજીને ધારદાર અસર થઈ અને ગાંધીજીએ પ્રતિજ્ઞા કરી કે તમને પણ ધકકો મારી આ દેશમાંથી કાઢીશું. આગવી બુધ્ધિનું એટલે કે બજેટમાં ઉદ્યોગપતિની ચંચુપાત હોય જ નહીં અને આ મહાદેવભાઈની ચીનગારી પણ આઝાદી માટે એટલી જ મહત્વની હતી.

મોરારજીભાઈની નાણાંપ્રધાન તરીકેની કામગીરી ઉત્કૃષ્ટ હતી. આ સમય દરમિયાન સૌથી વધુ વખત બજેટ પાસ કરવાનું શ્રેય મોરારજીભાઈને જાય છે. તેમનું બજેટ પોતાની જીવન જરૂરિયાતની વસ્તુ ઉપર વધુ ભાર અપાતા જીવન જરૂરીયાત વસ્તુ સસ્તી મળતી. મોરારજીભાઈ જયારે વડાપ્રધાન હતા એ સમયે ખાંડ પ્લાસ્ટિકના ભાવે મળતી હતી. આવુ શાસન કોઈએ કર્યું નથી અને કરી શકશે પણ નહીં. મોરારજીભાઈ વડાપ્રધાન થયા પછી તરત જ ઈન્દિરાને રૂબરૂમળવા ગયા હતા અને ઈન્દિરાને ખાતરી આપી હતી કે તમને કોઈપણ જાતની કનડગત કરવામાં નહીં આવે. એવું લાગે તો મારું ધ્યાન દોરશો. મારાથીબનતી ટ્રાય હું ચોકકસ કરીશ અને ઈન્દિરાજીએ પણ પત્રકારોને કહેવું પડયું કે આપણા દેશને સજજન વડાપ્રધાન મળ્યા છે. સમુહ લગ્નપ્રથા સૌ પ્રથમ અનાવિલ સમાજ દ્વારા શરૂ થઈ હતી જે પ્રથાનો અમલ બીજા સમાજવાળા પણ ભરપૂર લે છે. ■